# કુરાન અને
# નૂરે ઈમામત

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનએ હિકમત–ઈદારાએ 'આરિફ'

૩–એ, નૂર વીલા, ગાર્ડન વેસ્ટ

કરાચી (પાકિસ્તાન)

# કુરાન અને નૂરે ઇમામત

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનએ હિકમત-ઈદારાએ 'આરિફ'
3-એ, નૂર વીલા, ગાર્ડન વેસ્ટ
કરાચી (પાકિસ્તાન)

ISW LS Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નં. |
|---|---|
| ૧. એક ખાસ ફરમાન | ૩ |
| ૨. આરંભ | ૪ |
| ૩. કુરાન અને નૂરે ઈમામત | ૧૩ |
| ૪. નૂર અને જાહેર પુસ્તક (કિતાબે મુબીન) | ૧૪ |
| ૫. બુરહાન અને નૂરે મુબીન | ૧૬ |
| ૬. જાહેરી હીદાયત અને બાતીની હિદાયત | ૧૮ |
| ૭. ઉમ્મુલ કિતાબ (પુસ્તકની માતા) | ૧૮ |
| ૮. હબલિલ્લાહ (ખુદાઈ રસ્સી) | ૨૧ |
| ૯. પ્રકાશિત દીવો (રોશન ચિરાગ) | ૨૪ |
| ૧૦. આસમાની પુસ્તક | ૨૯ |
| ૧૧. નૂરે હિદાયત | ૩૧ |
| ૧૨. રાસીખુન ફિલ ઈલ્મ | ૩૩ |
| ૧૩. ઈબ્રાહીમ (અ.સ.) અને ઈસ્માઈલ (અ.સ.)ની દુઆ | ૩૬ |
| ૧૪. બોલતું પુસ્તક (કિતાબે નાતીક) | ૪૧ |
| ૧૫. ઝીકરવાળાઓ (અહેલે ઝીકર) | ૪૯ |
| ૧૬. અંજીર | ૫૭ |
| ૧૭. ઝૈતૂન | ૫૮ |
| ૧૮. તૂરે સીનેન | ૫૮ |
| ૧૯. શાંતિનું શહેર | ૬૦ |
| ૨૦. અંત | ૬૧ |


★

ISWLS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# ૧. એક ખાસ ફરમાન

સરકાર મૌલાના હાઝર ઈમામ શાહ કરીમ અલ હુસૈની સલ્વાતુલ્લા અલૈહીએ તા. ૨૨/૧૧/૧૯૬૭ના એક ખાસ મેદનીને દીદારનો લાભ આપતાં ઈસમાઈલીયા એસોસીએશન ફોર ઇન્ડીયા (મુંબઇ)ના વાએઝીનો, ધાર્મિક શિક્ષકો અને સંબંધિત સભ્યોથી તેમની પરીક્ષા કરતાં અમુક ઈલ્મી સવાલો પૂછ્યા. આપ સાહેબે એ સંબંધે કુરાને શરીફના એક શબ્દ "ઝૈતૂન"ના અર્થ અને તેના મતલબ પર સવાલ ફરમાવી રહ્યા હતા અને તેના મહત્ત્વ ઉપર ભાર આપી રહ્યા હતા. ઈમામે ઝમાને ઈરશાદ ફરમાવ્યું કે વાએઝીન અને ધાર્મિક શિક્ષકોને એટલું સમર્થ હોવું ઘણું જરૂરી છે કે તેઓ તે સઘળી કુરાની આયતોની તાવીલી સમજાણ આપી શકે (તાવીલી ખુલાસો કરી શકે) કે જે (આયતો) જુદા જુદા પ્રસંગો ઉપર ઈસમાઈલી જમાતમાં પડવામાં આવે છે.

□

## ૨. આરંભ

### બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

**અલહમ્દુલિલ્લાહી અલા અહેસાનહુ** કે "કુરાન અને નૂરે ઈમામત"ની આ (ફાયદો આપનાર) ઉપયોગી આવૃત્તિ પણ હવે લખાઇ અને છપાઇના દરજ્જાઓમાંથી પસાર થઇને પ્રગટ થઇ રહી છે. આ સુંદર અને મનમોહક પુસ્તિકામાં ઈસમાઈલી મઝહબના સૌથી પાયાની, મૂળભૂત અને મહત્ત્વની કલ્પનાની ચર્ચા કરવામાં આવી છે. તે એક ઉલ્લેખનીય કલ્પના છે અને આ વિષય જાતે જ એટલો વિશાળ અને મહાન છે કે દીન–મઝહબના બીજા વિષયો તેમાં મર્યાદિત થઇ જાય છે (સમાઇ જાય છે).

આ સત્યની પહેલી ઉપમા એ છે કે ખુદાના હુકમ મુજબ (૬૫:૫) કુરાને પાક એક (અમર) હુકમ–એક સચ્ચાઇ–છે અને બરહક ઈમામ સલ્વાતુલ્લા અલૈહી (સાહેબે અમર) હુકમના (સચ્ચાઇના) માલિક છે (૪:૫૯) જેથી અમર અને સાહેબે અમર દીનની સઘળી વસ્તુઓ ઉપર છવાયેલા છે માટે દીનનો કોઇ પણ વિષય તથા કામકાજ કુરાન અને નૂરે ઈમામતના મહત્ત્વના––સાચા આંગણામાં તેની મર્યાદામાં રહ્યા સિવાય––તે વગર હોઇ નથી શક્તા.

બીજી ઉપમા એ છે કે કુરાન ખુદાતઆલાનું એ પુસ્તક છે કે જેમાં સઘળી વસ્તુનું વર્ણન છે (૧૬:૮૯) અને ઈમામે ઝમાન તે પવિત્ર હસ્તી છે કે જેની અંદર–જેના અસ્તિત્વમાં –

દરેક વસ્તુ સમાયેલી છે. (૩૬:૧૨) આ વડે દરેક અક્કલવાળ ો મોમીન કુરાન અને ઈમામના હિકમત અને જ્ઞાનના વર્તુળની અતિશય વિશાળતાનો અંદાજ લગાવી શકે છે. આ વર્ણનમાં, જાણનારાઓના માટે કુરાન અને ઈમામના જાહેરી અને બાતીની વ્યવહાર અને સંબંધ તથા નિસ્બત અને સગાઈના અર્થ પણ છે. જ્યારે કે અમર અને સાહેબે અમરનો બાતીની સંબંધ એક ઝળહળતી સચ્ચાઈ છે અને જ્યારે કે આસમાની પુસ્તક અને ખુદાઈ જ્ઞાન શીખવનાર (પયગમ્બર)નો હેતુ અને ઈચ્છા એક જ છે.

એક હકીકી મોમીનને એ સિદ્ધાંત જાણવો જોઈએ કે કુરાન અને ઈમામના ઘણા નામો નક્કી કરેલાં છે, માટે ખુદાના હુકમમાં જ્યાં જ્યાં કુરાનનો ઉલ્લેખ થયેલો છે ત્યાં ચોક્કસપણે (જરૂરથી) નૂરે ઈમામતનો ઉલ્લેખ પણ છે અને જ્યાં કોઈ પણ નામથી ઈમામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાં કુરાન પણ સાથે છે, કેમકે કોઈ પુસ્તક તેના શીખવનાર વગર નથી હોતું, એજ રીતે ન તો કોઈ શીખવનાર પુસ્તક વગર હોય છે. થોડો વિચાર કરવામાં આવે તો દીન અને દુનિયાનો એ અચળ નિયમ સ્પષ્ટ થઈ જશે કે દરેક પૂરી અને સંપૂર્ણ વસ્તુની સાથે સાથે તેની જરૂરીયાતો–તેના તત્ત્વો–પણ મૌજૂદ હોય છે, નહી તો તે વસ્તુ અપૂર્ણ હોય છે. માટે ખુદાના ઈરશાદ (૫:૩) મુજબ ઈસ્લામની પરિપૂર્ણતા અને ખુદાની નેઅમતોની સંપૂર્ણતા એ છે કે કુરાનની સાથે સાથે કુરાનનું શિક્ષણ આપનાર – શિક્ષક – (પયગમ્બર કે ઈમામ) પણ કાયમ અને દાયમ રહે

અને હકીકતમાં એમ જ છે.

દીને ઇસ્લામની સઘળી મૂળ અને અસલ ખૂબીઓનું ઉદ્‌ભવ અને આરંભ, રિસાલતના સમયમાં હઝરત રસૂલ (સ.અ.સ.)ની બરકતવંતી હસ્તી – તેમની જાતમાં હતું. માટે આપ માનવંત સાહેબ હુઝુરે અકરમ જ સીરાજે મુનીર (પ્રકાશિત દીવો) (૩૩:૪૬), નૂરે કુરાન (૫:૧૫) અને આસમાની પુસ્તકના શીખવનાર (૨:૧૫૧) હતા. આપના ગુજરી જવા બાદ આ મરતબો અને દરજજો આપના સાચા વારસ – જાંનશીનને મળ્યો અને તે વારસ ઇમામે ઝમાન છે.

હદીસે મુમાસીલને હારૂનીમાં પવિત્ર નબી સાહેબે (સ.અ.સ.) મૌલા અલી (અ.સ.)ની શાનમાં જે કંઇ પણ ફરમાવેલું છે તેનો એ અર્થ થાય છે કે આપ સાહેબના (રસુલુલ્લાહના) વારસદારનું ઉમદા વ્યક્તિત્વ, તે સઘળા ગુણો અને કમાલીયતથી ભરેલા છે કે જે હઝરત હારૂન (અ.સ.)માં મૌજૂદ હતા, સિવાય કે નબુવ્વતે સરવરે અંબિયા (સ.અ.સ.) પછી કોઇ નબી નથી. રસૂલે ખુદાના આ હિકમત ભરપૂર ફરમાનથી હકીકી મોમીનોના માટે ઇમામની ઓળખ (ઇમામ શનાસી)નો એક ખાસ દરવાજો ઊઘડી જાય છે અને આ વાત કુરાન શરીફમાં હ. મૂસા અને હ. હારૂન (અ.સ.) વિષે આપેલ કિસ્સાને ખૂબ ઊંડાણપૂર્વક વિચાર કરવા માટેની છે.

જે રીતે હંમેશથી દુનિયાવાળાઓ આસમાની પુસ્તક વગર પોતાના માટે કોઇ દીની માર્ગદર્શિકાપત્રક (હિદાયતનામું) નથી બનાવી શકતા, એજ રીતે તે દુનિયાવાળાઓ પોતે જાતે

તે પુસ્તકના સાચા શીખવનાર બનવાનો ગૂણ પણ નથી રાખી શકતા કે જે (પુસ્તક) અલ્લાહ તઆલા તરફથી ઉતરે છે. માટે કુદરતી દીનનો સદાકાળથી એજ નિયમ રહ્યો છે કે ન ફક્ત પુસ્તક જ ખુદાના તરફથી નાઝીલ થાય છે, પણ તેનો શીખવનાર–તેની સમજાણ આપનાર – પણ પરવરદિગારના જ તરફથી નક્કી કરવામાં આવે છે, જેથી તે ખુદા તરફથી આવેલ શિક્ષક આસમાની તૌફીક અને મદદ થકી લોકોને તેમની શક્તિ મુજબ તેમની હેસિયત પ્રમાણે પુસ્તક અને હિકમત શીખવી દયે.

કુરાને પાકની સુરહ નંબર ૪૧ અને આયત નંબર ૫૩ના ફરમાનથી જાહેર થાય છે કે અલ્લાહ તઆલાની આયાત (નિશાનીઓ તથા ચમત્કારો, મોઅજીઝાઓ) આ બ્રહ્માંડ (કાયનાત)માં પણ છે અને ઇન્સાનના, માનવીના વ્યક્તિત્વમાં (તેની જાતમાં) પણ છે અને બહુ જ જલ્દી ખુદાવંદતઆલા પોતાની એ આયતો (નિશાનીઓ તથા મોઅજીઝાઓ) લોકોને દેખાડી દેશે, એટલે સુધી કે તેઓ ઉપર એ સ્પષ્ટ થઇ જાય કે એ બરહક છે. આનો એ અર્થ થયો કે કામિલ ઇન્સાન (પરિપૂર્ણ માનવી) એટલે કે ઇમામે ઝમાનના ઝળહળતા આત્મા (ઝમીરે મુનીર)માં કુરાન પોતાની સંપૂર્ણ રૂહાનીયત અને નૂરાનીયત સાથે મૌજૂદ છે, કેમકે નિયમ–કાયદો–એ છે કે જ્યાં લોકો ઘણા વખત પછી કોઇ વસ્તુને પ્રાપ્ત કરે છે, ત્યાં કુદરત ઘણા પહેલેથી જ તે વસ્તુ પ્રાપ્ત કરી ચૂકેલી હોય છે.

"પવિત્ર ઇમામો સલ્વાતુલ્લાહ અલૈહીમના પવિત્ર દિલમાં

કુરાને હકીમ કેવા સ્વરૂપમાં મૌજૂદ છે ?" એ મહત્વના ઉપયોગી સવાલનો પૂરેપૂરો અને છેવટનો જવાબ સૂરહ અન્કબૂત (નંબર ૨૯) આયત ૪૯ દ્વારા મળે છે જે માટે ફરમાવેલું છે કે--

**"બલ હુવ આયાતું બૈયીનતું ફી સુદુરીલ્લઝીન ઉવતુલ ઈલ્મ"** (૨૯:૪૯) અર્થાત, "પરંતુ તે (કુરાન) સ્પષ્ટ આયતો છે, તે લોકોના અંતઃકરણોમાં કે જેમને (ખુદાના તરફથી) જ્ઞાન આપવામાં આવ્યું છે." આનો સારાંશ અક્કલવાળાઓની નજીક એમ છે કે પરિપૂર્ણ-કામીલ ઇન્સાનને પહેલાં (ઇલ્મુલ યકીન) જ્ઞાનની ખાતરી આપવામાં આવે છે અને તેના પછી (ઐનુલ યકીન) ખાતરી કરતી દૃષ્ટિ (નજરથી ખાતરી કરવી)નો મરતબો પ્રાપ્ત થાય છે, જેથી તેમના અંતકરણના અરીસામાં કુરાનના રૂહાની અને નૂરાની મોઅજીઝાઓ જાહેર થતા રહે અને એજ મોઅજીઝાઓ આયત બૈયીનત છે, જેનો કુરાનમાં વારેઘડીએ ઉલ્લેખ થયેલ છે.

નૂરે ઈમામતનું ફરમાન છે કે અસલ મઝહબ અને અસલ (સાયન્સ) વિજ્ઞાન બન્ને એક છે તો, આપણે જો ઉપર મુજબની હકીકતને (સાયન્સ) વિજ્ઞાનિક રીતે રજૂ કરીએ તો ગેરવ્યાજબી નહિ હોય. તે એમ કે આજકાલના સમયમાં કોઇ પણ પ્રસંગ તે વખતે વધુ ને વધુ સમજવા યોગ્ય થઇ જાય છે, જ્યારે કે તેને પુસ્તક આકારે લાવવા ઉપરાંત ટી.વી. પર પણ દેખાડવામાં આવે, બિલ્કુલ એ જ પ્રમાણે કલ્પના કરવી જોઇએ કે (હાદીએ બરહક) સાચા હાદીના બાતિનમાં કુરાનની હકીકતો, જીવંત પ્રસંગો અને સ્પષ્ટ મોઅજીઝાઓના સ્વરૂપમાં

મૌજૂદ છે, જેને રૂહે કુરાન અને નૂરે કુરાન કહેવામાં આવે છે, કેમકે તેજ અસલ પ્રસંગો થકી કુરાનના જાહેર અને બાતીન ઉપર પ્રકાશ પડે છે.

આ પુસ્તિકા જો કે પુસ્તિકા જ છે અને (તેની જાડાઇ ઘણી જ મર્યાદિત છે) તે ખૂબ નાની પુસ્તિકા છે, પરંતુ થોડું ઊંડાણપૂર્વક જોવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ થઇ જશે કે આ અસલમાં ધાર્મિક પુસ્તકોના હજારો પાનાઓ અને ઘણા વ્યક્તિગત અનુભવોનો (નિચોડ) સાર છે. જ્ઞાનીઓને ખુદાઇ હુકમના એ બનાવ વિષે સ્પષ્ટ સાબિતી આ પુસ્તકમાં આપેલ ફુટનોટથી મળી શકે છે, જેમાં ઘણે ઠેકાણે કુરાન અને હદીસ સિવાય દીનના બુઝુર્ગોના કિંમતી પુસ્તકોના પણ ઘણા હવાલા આપેલા છે, અને આ રીતથી વાંચનારાઓની જાણકારીમાં વધારો થઇ શકે છે.

આકાએ નામદાર હઝરત મૌલાના શાહ કરીમ અલ હુસૈની હાઝર ઈમામ સલ્વાતુલ્લાહ અલૈહી ઉપર મારી નમ્ર અને કમજોર રૂહ સો ગણા પ્રેમથી કુરબાન હો, કે એ અનુપમ શહેનશાહે દીનની જાહેરી અને બાતીની મદદ, દસ્તગીરી અને નવાઝીશો તથા ઉપકાર થકી આ નાચીઝ ઇલ્મી ખિદમત આગળ વધી રહી છે, નહી તો દુનિયા (ઝમાના)ની અપરંપાર મુશ્કેલીઓ અને આડખીલીઓના પરિણામે આ કાર્ય ક્યારનું અંત પામી ચૂક્યું હોત.

હકીકી ઇસ્માઇલીઓની સૌથી મોટી પુંજી ઈમામે ઝમાનની ઇચ્છા અને ખુશનુદી છે. તેઓ કોઇ પણ કિંમતે તેનો

સોદો નથી કરી શકતા, કેમકે ઈમાનની અનંત અને અમર પૂંજી બંને દુનિયાથી વધીને છે. માટે દરેક સમજદાર મોમીન તેને પોતાના જીવ કરતાં પણ ઘણી વધારે વહાલી સમજે છે અને પોતાના સઘળા (બોલ) વાણી તથા વર્તન (આમાલ)ને તેના ધોરણ મુજબ જ પરખે છે.

ખાતરી કરેલ જ્ઞાન (ઈલ્મુલ યકીન)ના પ્રકાશ ફેલાવાથી જમાતને જે ફાયદા પ્રાપ્ત થાય છે તે અક્કલવાળા દિલથી છૂપાયેલી નથી અને એ જાણવું જોઈએ કે જો જ્ઞાન સાચું - બરાબર અને ખાત્રીપૂર્વકનું - છે તો તે મહાન ઈમામ તરફથી છે, એમાં શું શંકા હોઇ શકે છે કે જે પ્રમાણે ભૌતિક - જાહેરી પ્રગતિ જાહેરી જ્ઞાન - ઈલ્મ વગર અશક્ય છે તેજ રીતે રૂહાની ઊંચાઇ મઝહબી ઈલ્મ વગર અશક્ય છે. જ્ઞાનના પુસ્તકો થકી જ પોતાના અને પરાયાના ઘણા સવાલોના માટે યોગ્ય જવાબો મળી રહે છે. મઝહબની ઉમદા રીતથી ઓળખાણ થાય છે અને વિરોધ ઓછો થઇ જાય છે. કૌમના નવયુવાનો - નવા વંશજોને આ ઈલ્મી પ્રયત્નોથી ઘણી મદદ મળે છે. સંસ્થાઓના માટે પ્રગતિનો રસ્તો સહેલો થઇ જાય છે. ઘણા કોયડાઓ પોતે પોતે જ ઉકેલાઇ જાય છે. માનવંતાઓ, જ્ઞાનીઓ, વાએઝીનો અને શિક્ષકો ફાયદો ઉપાડે છે અને બીજાઓની દ્રષ્ટિમાં જમાતનું માન ઊંચું થઇ જાય છે.

આ ખાકસાર બંદા ઉપર અને તેના પુસ્તકો ઉપર "ખાનાએ હિકમત"ના ઘણા ઉપકારો છે. ખાનાએ હિકમતનો અર્થ તેના પ્રમુખથી છે કે જેઓ ઉપરી છે અને વાલી પણ.

વળી બીજા વડીલો, અમલદારો અને સભ્યો કે જેમની ત્યાગ ભાવના અને દરેક પ્રકારની કુરબાનીથી આ મુબારક સંસ્થાને પ્રગતિ અને સફળતા નસીબ થયાં છે.

નેઅમતોની ઓળખ, અહેસાનમંદી, ઉપકાર અને શુક્રગુઝારીના આ પ્રસંગે જો હું ઇસમાઇલી જગતના એ દરેક પ્રિયજનોને મારા વિચારો અને મગજમાં ન લાવું કે જેઓ ઇલ્મી સેવાની પરંપરામાં મારાથી સહકાર કરે છે, તો એ મારું ઘણું મોટું નગુણાપણું હશે, માટે હું તે સઘળાઓને વ્યક્તિગત રીતે યાદ કરું છું અને કોઇ પણ પ્રિયજનની સૌથી ઉત્તમ અને ઊચ્ચ યાદ જે છે તે દુઆના સ્વરૂપમાં હોય છે, માટે પરવરદિગારે આલમની હુઝુરમાં મારી નમ્ર અને આજીઝીભરી દુઆ છે કે તે ઉદાર માલિક મારાં પ્રિયજનોને કે જેઓ જાન અને દિલથી ઇલ્મની સેવા કરે છે, સલામત રાખે ! તેમને બન્ને દુનિયામાં ઇઝઝત બક્ષે ! તેમના સઘળા નેક હેતુઓ પાર પાડે ! અને તેઓ હંમેશા હંમેશાને માટે ખુશખુશાલ અને આનંદમાં રહે !

આ આભારની લાગણીના પ્રદર્શનમાં ઇદારાએ 'આરીફ'નો ઉલ્લેખ પણ જરૂરી છે, જેના અક્કલવાળા, હિમ્મતવાળા, સાફદિલ અને દીનદાર પ્રમુખ શીરાઝ શરીફ સાહેબે સંસ્થાના ઉચ્ચ વડીલ ફકીર મુહમ્મદ હુંઝાઇ સાહેબના સહકારથી અને બીજા ઉત્સાહી સભ્યોની મદદથી કેનેડામાં ઘણી ઇલ્મી સેવા અમલમાં લાવી છે અને સૌથી મૂળ અને મહત્ત્વની કામગીરી એ કે તેમણે આ સંબંધે પવિત્ર મૌલાની પવિત્ર હુઝુરથી હિકમત સભર અને બરકતવંતી દુઆ પ્રાપ્ત કરી

લીધી છે, માટે હું સદાયના માટે તેમનો આભારી અને તેમના માટે દુઆ માંગતો રહીશ. પરવરદિગાર તેમને અને તેમના જોશીલા કાર્યકર સાથીઓને દુનિયા અને આખેરતની આબાદી અને સફળતા અર્પણ કરે, આમીન.

આપનો ઇલ્મી ખાદીમ
**'નસીર' હુંઝાઇ**

ગુરૂવાર, તા. ૨૫મી રજબ, હિજરી ૧૩૯૯
૨૧મી જૂન, ઇ. સ. ૧૯૭૯

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

### બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

## ૩. કુરાન અને નૂરે ઈમામત

કુરાને મજીદ અને હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ની પવિત્ર આલ અર્થાત બરહક ઈમામો (અ.સ.)ની પરંપરા, વંશપરંપરાની સાચી ઈમામત, પોતાના સર્વવ્યાપક અને સર્વ શક્તિમય જ્ઞાનની કમાલીયત અને મારફતના ચમત્કારોમાં ખુદાની સંપૂર્ણ હિદાયતનાં એકબીજામાં ભળેલાં બે એવાં સાધનો છે – એવા રસ્તા છે કે જેના વિષે જો અક્કલ અને જ્ઞાન તથા સચ્ચાઇ અને ઈન્સાફની દૃષ્ટિથી વિચારવામાં આવે તો હરગીઝ આ બન્નેની ઈલ્મી વિસાતની જુદી જુદી કલ્પના નથી કરી શકતા, એટલા માટે કે કુરાન, નૂરે ઈમામતના અલગ અલગ વિષયોથી ભરેલું છે અને નૂરે ઈમામતમાં કુરાનના ઈલ્મો–હિકમતની બોલતી રૂહ (રૂહે નાતીકા) હંમેશના માટે મૌજૂદ છે. તો અહી અમો એ જ હકીકતની કુરાની અને અક્કલી દલીલો રજૂ કરતાં ખુદાઇ અમ્રના એ પ્રસંગનો ખુલાસો કરીએ છીએ કે નૂરે ઈમામતનો આશરો કે ટેકો લીધા વગર પવિત્ર કુરાનની અર્થસભર હકીકતો – સચ્ચાઈઓ તથા મારફત–ઓળખાણને જોઇ શકવું ન ફક્ત મુશ્કેલ છે પરંતુ તદ્દન અશક્ય છે.

# ૪. નૂર અને જાહેર પુસ્તક (કિતાબે મુબીન)

તો ઉપર જણાવેલ હકીકતની કુરાની દલીલોમાંથી એક આ છે :-

**"કદ જાઅકુમ મિનલ્લાહી નુરૂંવ કિતાબુમ્મુબીન"** (૫:૧૫) "ચોક્કસ તમારી પાસે ખુદા તરફથી નૂર અને જાહેર પુસ્તક આવ્યાં છે." [1] આ પવિત્ર આયતમાં ખુદાતઆલા ઈમામતના મરતબાને – ઈમામતના સ્થાનને પવિત્ર કુરાનના તાવીલી પ્રકાશ યાને કે સમજણ દેનાર દીપકની રોશની ગણાવીને બન્ને પવિત્ર વસ્તુઓના આપસના (એકબીજામાં પરોવાયેલા) સંબંધ અને જરૂરિયાતની તરફ ધ્યાન દોરવે છે અને ઈશારા રૂપે એમ ફરમાવે છે કે નૂરે ઈમામતનો આશરો એટલે કે ટેકો લીધા વગર પવિત્ર કુરાનની સમજણ દેનાર જ્ઞાનના ભંડારોનો રસ્તો મેળવવો અશક્ય છે, જેમકે ભૌતિક એટલે કે જાહેરી પ્રકારના પ્રકાશ વગર આ જગતમાં જાહેરી દેખાનારી વસ્તુઓને જોઈ શકવું કે તેને જાણી શકવું એ અશક્ય છે.

મજકૂર વર્ણનનો વધારે ખુલાસો એ છે કે એક દિવસે પયગમ્બર (સ.અ.સ.)મે ફરમાવ્યું કે :-

**"યા અય્યુહન્નાસુ ઈન્નમીન્કુમ મંય્યહાતીલુ અલા તાવીલીલ કુરાની કમા કાતલતુ અલા તન્ઝીલીહી. કીલ મન હુવ યા રસુલુલ્લાહ, ફ કાલ ખાસીફુન્નઅલી"** "અય લોકો !

---

૧. 'તફસીર સાફી' પાના નં. ૧૩૯; 'તફસીરૂલ મુત્તકીન' પાના નં. ૧૩૧.

તમારામાંથી એક શખ્સ છે કે જે કુરાનની તાવીલ (કુરાનની સમજાણ ઉપર) લડાઇ કરશે, જેમકે મેં કુરાનની તન્ઝીલ (કુરાનના નાઝિલ થવા) ઉપર લડાઇ કરી છે. પૂછવામાં આવ્યું કે યા રસૂલુલ્લાહ ! (સ.અ.વ.) તે શખ્સ કોણ છે ? ફરમાવ્યું, તે શખ્સ જે જોડાં ઠીક કરી રહ્યો છે." [૨] રિવાયત મશહૂર છે કે તે વખતે હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ના જોડાની રસ્સી (લેસ) ટૂટી ગઇ હતી અને મૌલાના અલી (અ.સ.) તેને લઇને ઠીક કરી રહ્યા હતા. આમ આ હદીસ મુજબ મૌલાના અલી (અ.સ.) જ કુરાનની તાવીલ યાને કે કુરાનની સાચી સમજાણના માલીક છે. અર્થાત કુરાનની સાચી સમજાણ ધરાવનાર મૌલા અલી (અ.સ.) જ છે અને તે મુજબ હકીકતમાં તેઓની એ સમજાણ ધરાવવાની જ્ઞાનની ઉચ્ચતા અને મરતબામાં તે સઘળા પવિત્ર ઈમામો પણ સમાયેલા છે કે જેઓ આપના (હઝરત અલી અ.સ.)ના વંશમાંથી, તેમની નસલથી છે, કેમકે તાવીલ અર્થાત સમજાણની જરૂરત તથા મહત્ત્વતા ન ફક્ત મૌલાના અલી અલૈહિસ્સલામના જ વખતમાં હતી, બલ્કે જેમ જેમ સમય પસાર થતો ગયો, તેમ તેમ તાવીલની જરૂરત અને મહત્ત્વતા પણ વધતી ગઇ છે, માટે પછીથી આવનારા બરહક ઈમામો (અ.સ.)એ એકંદરે પવિત્ર કુરાનની જેટલી તાવીલો (સમજૂતીઓ) વર્ણવી છે તેના પ્રમાણમાં મૌલાના અલી (અ.સ.)ની તાવીલો ઘણી ઓછી છે અને જો આપણે તે

૨. કોકબે દુર્રઈ, પાના નં. ૧૦૮ .

સઘળા બરહક ઈમામો (અ.સ.)ની પવિત્ર હસ્તીને અલી (અ.સ.)નું નૂર ન માનીએ તો તાવીલ ફક્ત મૌલાના અલી (અ.સ.)ના જ સમય પૂરતી મર્યાદિત થઈને રહી જશે, પણ તે વાત વ્યાજબી નથી, બલ્કે વ્યાજબી એજ છે કે આ (ઉપર જણાવેલ) હદીસમાં તે સઘળા બરહક ઈમામો (અ.સ.)નો ઉલ્લેખ પણ મૌજૂદ છે કે જેઓ આલે મુહમ્મદ અને ઔલાદે અલી (અ.સ.)થી છે. જેઓ ઉલીલ અમ્ર અને તાવીલના ધણી કહેવાય છે. તો આ ઉપરથી એ જણાય છે કે તે મુબારક અને પવિત્ર નૂર જે કુરાનથી જુદું નથી, તે નૂરે નબુવ્વત અને ઈમામત જ છે, જેણે હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ના પહેરવેશમાં (તેમના રૂપમાં) તન્ઝીલના જ્ઞાન અર્થાત કુરાન શરીફના નાઝિલ થવાના જ્ઞાન ઉપર પ્રકાશ નાખ્યો અને પવિત્ર ઈમામોની હસ્તીમાં તાવીલના જ્ઞાન ઉપર પ્રકાશ નાખ્યો.

## ૫. બુરહાન અને નૂરે મુબીન

આના જ સંબંધેની બીજી દલીલ આમ છે :-

**"યા અય્યુહન્નાસુ કદ જાઅ કુમ બુરહાનુમ્મીર્રબ્બીકુમ વ અન્ઝલના અલૈકુમ નુરૂમ્મુબીના."** (૪:૧૭૪) અર્થ : અય લોકો એમાં કોઈ શંકા જ નથી કે તમારા પરવરદિગાર તરફથી બુરહાન (દલીલ, અર્થાત કુરાનનો મોઅજીઝો) આવી ચૂક્યો છે, અને અમો તમારા તરફ (તમારી પાસે) એક જાહેર નૂર નાઝિલ કરી

ચૂક્યા છીએ..[3] આ ફરમાનમાં ખુદાતઆલા કુરાને મજીદને હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ની નબુવ્વતનો દાયમી – સદાયનો મોઅજીઝો ગણાવે છે અને ઈમામતના હોદ્દાને – ઈમામતની મસનદને નૂરે મુબીન (અર્થાત જાહેર નૂર)ના નામથી સંબોધે છે, જેનો ઈશારો એ છે કે કુરાનને દર અસલ મુહમ્મદ (અ.સ.)નો મોઅજીઝો તે વખતે સમજી લેવામાં આવી શકે છે કે જ્યારે ઈમામતના મરતબાને ઓળખાવનાર પ્રકાશ દ્વારા કુરાનની તાવીલી યાને કે કુરાનની સમજણ દેનારી અજાયબીઓ અને વિચિત્રતાઓને જોઇ શકાય.

આ સ્થળે એ વાત ઉલ્લેખનીય છે કે ઉપર દર્શાવેલી બન્ને આયાતોમાંથી પહેલી આયતમાં પ્રથમ નૂરનો ઉલ્લેખ આવેલો છે અને તે પછી પુસ્તકનો, તેથી ઊલટું બીજી આયતમાં પહેલાં પુસ્તકનો, તે પછી નૂરનો ઉલ્લેખ છે, જેનો ઈશારો એ છે કે નબુવ્વતની નિયુક્તિ (નબુવ્વતની સ્થાપના) કુરાનના નાઝિલ થવાના પહેલાં થઇ છે અને વિલાયતનું એલાન કુરાનના નાઝિલ થવા પછી કરવામાં આવ્યું છે, એટલે કે

3. 'તફસીરૂલ મુત્તકીન' પાના નં. ૧૨૫; 'તફસીરિ સાફી' પાના નં. ૧૨૭; 'તફસીરૂલ મુત્તકીન'માં મજમુઅલ બયાનના હવાલાથી લખેલું છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.સ.)મે ફરમાવ્યું કે નૂરનો હેતુ છે હ. અલી (અ.સ.)ની વિલાયત (એટલે દોસ્તી). મૌલ્વી ફરમાનઅલી સાહેબ પોતાના કુરાનના તરજુમામાં કે જે નીઝામી પ્રેસ લખનૌમાં છપાયેલ છે, પાના નં. ૧૯૭ના હાંસિયામાં લખે છે કે, "એક સહીહ હદીસમાં છે કે બુરહાન (દલીલ)નો હેતુ છે હઝરત રસૂલ (સ.અ.સ.) અને નૂરે મુબીન (ચમકતું નૂર)નો હેતુ છે હઝરત અલી (અ.સ.).

નબુવ્વતના નૂરનું જાહેર થવું પવિત્ર કુરાનના નાઝિલ થવાથી પહેલાં થયું છે અને વિલાયતના નૂરનું જાહેર થવું બાદમાં થયું, જોકે નબુવ્વત અને વિલાયત એક જ હકીકતનાં બે નામ છે.

## ૬. જાહેરી હિદાયત અને બાતીની હિદાયત

ત્રીજી દલીલ એમ છે કે :-

**"યહદીલ્લાહુ લી નૂરીહી મંય્યશાઅ."** (૨૪:૩૫) – અર્થ : "ખુદા જેને ચાહે છે પોતાના નૂર (ની મારફત)ની તરફ હિદાયત કરે છે." મજકૂર આયતમાં પહેલાં કુરાનનો ઉલ્લેખ છે કેમકે ખુદાની જાહેરી હિદાયત તો કુરાનથી જ શરૂ થઇ જાય છે, તેના પછી નૂરે ઈમામતનો ઉલ્લેખ થયો છે, એટલા માટે કે ખુદાની બાતીની હિદાયતનો ઈમામતના નૂરથી જ આરંભ થાય છે. આનું પરિણામ એ આવ્યું કે ખુદા જેને ચાહે છે, (તેને) જાહેરી હિદાયત દ્વારા બાતીની હિદાયત સુધી પહોંચાડી દયે છે.

## ૭. ઉમ્મુલ કિતાબ (પુસ્તકની મા)

ચોથી દલીલ :-

**"વ ઈન્નહુ ફી ઉમ્મુલ કિતાબ બદઈના લઅલી હકીમ"** (૪૩:૪). અર્થ : "અને કુરાન ઉમ્મુલ કિતાબ (ની હેસિયત)માં

મારી પાસે અલી છે હિકમતવાળો." [૪] હઝરત નબી સાહેબ (સ.અ.સ.)મે આ પવિત્ર આયતની સમજાણ (તફસીર) આ હદીસથી કરી છે.

**"અલી મઅલ કુરાની વલ કુરાનુ મઅ અલી લા યતફરક્કાની હત્તા યરદી અલી અલ હૌઝ."** અર્થ : અલી (અ.સ.) કુરાનની સાથે છે અને કુરાન અલી (અ.સ.)ની સાથે છે, અને બન્ને જુદાં નહી થશે જ્યાં સુધી કે હૌઝે કૌસર પર (પાણીનું) વહેવું – (પાણીનું હોવું) રહેલું છે.

પીર નાસીર ખુસરૂ તેમના પુસ્તક "વજહે દીન"માં એક રિવાયત નકલ કરે છે, જેનો ખુલાસો એ છે કે એક દિવસે રસૂલે ખુદા (સ.અ.સ.)એ ફરમાવ્યું કે જાહેરમાં સૂરહ ફાતેહા ઉમ્મુલ કિતાબ છે અને બાતિનમાં અલી (અ.સ.) ઉમ્મુલ કિતાબ છે. વળી મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, **"અના અલ્લાહુલ મહફૂઝ"** અર્થાત હું લોહે મહેફૂઝ છું (કેમકે મારા નૂરમાં સઘળી સચ્ચાઈઓ – હકીકતો તેના મૂળ – ઈલાહી

---

૪. 'તફસીરિ સાફી' પાના નં. ૪૫૪ ઉપર મુઆફી અલ અખબાર ઈમામ જાફર અસ્સાદિક (અ.સ.)ના હવાલાથી ઉતારેલું છે કે જે શખ્સનો ઉલ્લેખ ઉમ્મુલ કિતાબ એટલે કે સુરહ ફાતેહામાં છે તે જનાબ અમીરૂલ મોમેનીન અલી અલૈહિસ્સલામ છે, કેમકે તેમાં ખુદાતઆલાનો એ કોલ આવેલો છે કે "ઈહ દીના સીરાતલ મુસ્તકીમ" અને "સીરાતલ મુસ્તકીમ"નો હેતુ છે જનાબ અમીરૂલ મોમેનીન અને તેમની ઓળખ–તેમની મારફત અને તફસીરિ કમીમાં પણ આજ અર્થ લખવામાં આવ્યો છે ('તફસીરુલ મુત્તકીન' પાના નં. ૭૬).

સ્વરૂપમાં અકબંધ અને સચવાયેલી છે) આ ઉપરથી જાણાય છે કે દર હકીકત હઝરત અલી (અ.સ.) ઉમ્મુલ કિતાબ છે અને તેઓના પવિત્ર નૂરમાં કુરાનની સઘળી હકીકતોનાં નૂરાની સ્વરૂપો મૌજૂદ અને સચવાયેલાં છે, કેમકે લોહે મહેફૂઝ એ ઉમ્મુલ કિતાબનું બીજું નામ છે. નાસીખત્તવારીખ, ગ્રંથ ત્રીજો, પુસ્તક બીજાના પાના નંબર ૬૪૪ અને ૬૪૮ પર જાણાવેલું છે કે, **"વ ઈન્નહૂ (ફી ઉમ્મુલ કિતાબ) લ દઈના લઅલી હકીમ"**માં નામો હ. અલી (અ.સ.)ના માટે છે.

તો હવે ખુદા, રસૂલ (સ.અ.સ.) અને પોતે મૌલાના અલી (અ.સ.)ના કલામથી એ સ્પષ્ટ છે કે નૂરે ઈમામત જ ઉમ્મુલ કિતાબ, લોહે મહેફૂઝ અને કુરાનની બોલતી રૂહ છે, અગર જો ખુદા તરફથી કુરાનની હકીકતો (કુરાનનાં સત્યો) સમજવાનું આ સાધન અને આ દ્વાર સદાને માટે મૌજૂદ નહોત, તો તેનાથી દીને ઈસ્લામમાં એક ઘણી મોટી ઓછપ પૈદા થઈ જાત, કેમકે નબુવ્વતના સમયમાં રસૂલુલ્લાહ (સ.અ.સ.)ની (ઈતાઅત) તાબેદારી કરનારાઓના પ્રત્યેક સવાલનો જવાબ યા તો કોઈ આયતના નાઝિલ થવાના સ્વરૂપમાં મળતો હતો અથવા તો રસૂલુલ્લાહ (સ.અ.સ.) પોતે જવાબ દેતા હતા, જેથી હકીકત એ છે કે દીને ઈસ્લામમાં કોઈ ઓછપ નહોતી વરતાતી. પરંતુ નૂરે ઈમામતની તાબેદારી કરનારાઓના પ્રત્યેક સવાલનો જવાબ યા તો કુરાનની તાવીલના સ્વરૂપમાં મળે છે અથવા તો ઈમામતનાં ફરમાનોની હેસિયતમાં.

## ૮. હબલીલ્લાહ (ખુદાઈ રસ્સી)

પાંચમી દલીલ :-

**"વ અઅતસેમુ બિ હબલીલ્લાહી જમીઅંવ વલા તફર્રકુ."** (૩:૧૦૩) – અર્થ : "અને તમો સઘળાઓ (મળીને) ખુદાની રસ્સીને મજબૂતીથી પકડી રાખો અને અલગ અલગ થાઓ નહી." [૫]

ખુદાના આ ફરમાનમાં કુરાન અને ઈમામતની ઉપમા એક એવી રસ્સીથી આપવામાં આવી છે, જેનો એક છેડો ખુદાના હાથમાં અને બીજો મોમીનોના હાથમાં હોય, જે (રસ્સી) (અર્શેબરી) આસમાનથી (ફર્શે જમીન) ધરતી સુધી પહોંચી હોય, અને જે આરંભથી અનંત સુધી (અઝલથી અબદ સુધી) પહોંચી શકતી હોય, અને ખુદાની એવી રસ્સી ફક્ત કુરાન અને નૂરે ઈમામતની એકબીજામાં ભળેલી – આપસમાં મળેલી – જ્ઞાનની હેસિયત જ હોઇ શકે છે. આનો અર્થ એ થયો કે કુરાન ઉપર અમલ નબુવ્વતના સમયમાં નબી (સ.અ.સ.)ના મારફત કરવામાં આવે અને ઈમામતના સમયમાં ઈમામ (અ.સ.)ના

---

૫. મૌલવી ફરમાન અલી તેમના પુસ્તક 'તરજુમાએ કુરાન'ના પાના નંબર ૯૯ના હાંસિયામાં લખે છે કે, "હઝરત ઈમામ જાફર સાદિક (અ.સ.) મારફત રિવાયત છે કે તેઓએ આ આયતની સમજાણ આપતાં ફરમાવ્યું છે કે, અમો અહેલેબૈત ખુદાની રસ્સી છીએ અને મજબૂતીથી પકડી રાખવાનો સૌને હુકમ આપવામાં આવ્યો છે." વળી 'તફસીરૂલ મુત્તકીન' પાના નંબર ૭૪ના હાંસિયામાં જુઓ. 'અલ મજાલીસુલ મુસ્તનસીરીયા'ના પાના ૧૭૦ ઉપર પણ ખુદાની રસ્સીની એ જ તારીફ કરેલી છે.

મારફત. માટે રિસાલતના સમયમાં (નબી સાહેબ (સ.અ.સ.)ના સમયમાં) મુસલમાનો રસુલુલ્લાહ (સ.અ.સ.)ના મારફત કુરાન પર અમલ કરતા હતા, તેથી જ તેઓ આપસમાં ફીરકા ફીરકા નથી થયા. (તેઓ અલગ અલગ નહી થયા હતા) તેજ પ્રમાણે જો હાલ પણ રસુલના ખલીફા એટલે ઈમામે ઝમાનના મારફત કુરાનની હકીકતોને સમજ્યા હોત, તો તેઓ હરગીઝ અલગ અલગ ફીરકા ન બની જાત. કારણ કે સઘળી કોમની એક્તાનું કેન્દ્ર હાઝર ઈમામ જ છે, જેમની ફરમાબરદારીમાં અલગ અલગ થવાની કોઇ સ્થિતિ ઉદ્‌ભવતી જ નથી.

'અઅતસામ'નો અર્થ છે, ભયથી બચવા માટે કોઇ વસ્તુને મજબૂતીથી પકડવું; અને 'વ અઅતસેમુ'માં એજ અર્થ મુજબનો હુકમ છે. હવે સવાલ એ થાય છે કે તે ક્યો ભય છે, જેનાથી બચવાના માટે ખુદાની રસ્સીને મજબૂતીથી પકડી રાખવી જરૂરી છે ? તો આનો જવાબ બે પ્રકારે છે : પહેલો જવાબ એ છે કે જે માનવીનો (જે શખ્સનો) હાથ ખુદાની રસ્સીથી છૂટી ગયો તો તેને ભટકી જવાનો – ગુમરાહીનો ભય રહે છે અને તેથી વિરુદ્ધ જે માનવી ખુદાની રસ્સીને મજબૂતીથી પકડી રાખે છે તો તે હિદાયત (માર્ગદર્શન) પામે છે. આ માટે ખુદાનું ફરમાન છે કે :

**"વ મય યતસીમ બિલ્લાહી ફક્દ હુદય ઈલા સીરાતીમ મુસ્તકીમ"** (૩:૧૦૧) – "અને જે માનવીએ ખુદા સાથે સંબંધ રાખેલા હોય તો તેને જરૂર સીધા રસ્તા ઉપર લાવી દેવામાં આવ્યો." સ્પષ્ટ છે કે ખુદાની રસ્સીને મજબૂતીથી પકડી રાખવું

જાણે કે ખુદાની સાથે સંબંધ રાખવા જેવું છે, જેનું પરિણામ છે સીધા રસ્તા ઉપર લાગી જવું, નહિ તો ગુમરાહી એટલે કે ભટકી જવાનો ભય રહે છે.

તે સવાલ જેનો અહીં ઉલ્લેખ થયો છે તેનો બીજો જવાબ એ છે કે ખુદાની રસ્સીની સાથે સંબંધ ન હોવામાં મનુષ્યને સદાયના માટે એક ભય – એક ડર લાગેલો રહે છે, જે છે નાહિમ્મત થવાની નીચી સ્તરે પડી જવાનો. એ માટે જ ફરમાવવામાં આવ્યું છે કે ખુદાની રસ્સીને મજબૂતીથી પકડી રાખો કે જેથી તમોને હૈવાનિયતના નીચા દરજ્જાથી મલાયકની ઉચ્ચતા ઉપર ઉપાડી લેવામાં આવે કારણ કે ખુદાની રસ્સી અને સીડીનો એક ખાસ હેતુ એ છે કે એ મલાયકોના જગતની બુલંદી – ઊંચાઈથી માનવ જગતના નીચા દરજ્જા સુધી બાંધી દીધેલી છે અથવા તો એમ કહો કે ખુદાની રસ્સી (અર્થાત કુરાન અને નૂરે ઈમામત)થી સંબંધ રાખવાની ઉપમા એક એવી સીડી છે કે જે નીચલા (ઉતરતા) જગત અથવા નીચેના દરજ્જાથી દિવ્ય જગત (ઉચ્ચ દરજ્જા) ઉપર ચઢવાના માટે બનાવવામાં આવી છે (નિયુક્ત કરવામાં આવી છે). જે માટે હક્તઆલાનું ફરમાન છે કે, **"મિનલ્લાહી ઝીલ મઆરજી"** (૭૦:૩) અર્થ : "ખુદાના તરફથી કે જે સીડીઓવાળો છે." જ્ઞાનવાળા (અક્કલ વાળાઓ)ના માટે સ્પષ્ટ છે કે સીડીઓનો શું અર્થ થઈ શકે છે. આમ એ વાત જણાઈ આવી કે ખુદાની જે રસ્સી છે તેજ ખુદાની સીડી છે, કેમકે ઈલાહી હિદાયતનું કેન્દ્ર એક જ છે, પણ તેનાં નામો અને તેની ઉપમાઓ અસંખ્ય છે.

## ૯. (રોશન ચિરાગ) પ્રકાશિત દીવો

૬ઠ્ઠી દલીલ :-

**"યા અય્યુહન્નબી ઈન્ના અરસલનાક શાહીદંવ્વ મુબશ્શીરંવ્વ નઝીરા, વ દાઈય્યન ઈલ્લલ્લાહી બી ઈઝનીહી વસીરાજન મુનીરા."** (૩૩:૪૬).

અર્થ : અય નબી ! અમોએ તમોને સાક્ષી અને (નેક લોકોના સ્વર્ગની) ખુશખબરી દેનાર અને (નઠારા લોકો માટેના અઝાબથી) ડરાવનાર અને ખુદાની તરફ, તેના જ હુકમથી બોલાવનાર અને (જ્ઞાન તથા હિદાયતનો) પ્રકાશિત દીવો બનાવીને મોકલ્યો છે. [૬]

કુરાને શરીફની આ આયતમાં હિકમતના પ્રકારમાં એ ઈશારો કરવામાં આવ્યો છે કે, રસૂલે બરહક (સ.અ.સ.)એ સર્વ પ્રથમ ખુદાતઆલા (હકતઆલા)ના એક જ હોવા બાબત (વહેદાનિયતની) સાક્ષી આપી, જે 'લા ઈલાહા ઈલ્લલ્લાહ'ના

---

૬. જ્યારે એ હકીકત સર્વમાન્ય છે કે આપ હઝરત (સ.અ.સ.) પોતાના નબૂવ્વતના કાળમાં કુરાનની સાથે જ્ઞાન અને હિકમતનો પ્રકાશિત દીવો હતા, જેના માટે હકતઆલાનું ફરમાન છે કે, ખુદા પોતાના એ નૂરને કમાલિયતના દરજ્જા સુધી પહોંચાડી દેશે. (જુઓ ૯:૩૨ અને ૬૧:૮) તો જણાયું કે એ પવિત્ર નૂર હઝરત રસૂલ (સ.અ.સ.)ના પછીથી લઈને ક્યામત સુધી ઈમામતના લિબાસમાં પ્રકાશિત છે, જેથી દીન-મઝહબના અને માનવતાના જગતમાં ખુદાના નૂરનો એ દીવો સદાના માટે પ્રકાશિત રહે.

સ્વરૂપે હતી; અને લોકોને ફરમાવ્યું કે તેઓ પણ એજ સાક્ષી આપે. આમ જે લોકોએ આ સાક્ષી આપી તો રસૂલ (સ.અ.સ.)એ તેમને સ્વર્ગની ખુશખબરી સંભળાવી; અને જે લોકોએ એ સાક્ષી આપવાની ના પાડી તો તેમને આપ હઝરત (સ.અ.સ.)એ દોઝખથી ડરાવ્યા; અને ખુદાના હુકમથી એજ પ્રમાણે પયગમ્બર અલૈહિસ્સલામે લોકોને ખુદાના તરફ આમંત્રણ આપ્યું (ખુદાના તરફ આવવાની દાવત કરી) અને તેજ અરસામાં કુરાનનું નાઝિલ થવાનું કામ પણ પૂરૂં થયું. હવે આ આયતના છેવટમાં હકતઆલાએ હઝરત રસૂલ (સ.અ.સ.)ને જે નામથી યાદ ફરમાવ્યા છે તે નામ છે 'સિરાજે મુનીર' અર્થાત પ્રકાશિત દીવો. આમ ઈસ્લામની દાવત તથા કુરાનના નાઝીલ થવાનો ઉલ્લેખ કર્યા પછી રસૂલ (સ.અ.સ.)ને ખુદાનું એમ ફરમાવવું કે, "અમોએ તમને પ્રકાશિત દીવો બનાવીને મોકલ્યા છે." એ હકીકતની (એ સત્ય બાબતની) એક સ્પષ્ટ દલીલ છે કે ખુદાના તરફથી લોકોને કાયમના માટે – અતૂટ – માર્ગદર્શન આપવા (હિદાયત કરવા) માટે કુરાનની સાથે સાથે એક પ્રકાશિત દીવો અર્થાત નૂરની પણ જરૂરત છે.

અમો આથી પહેલાં વર્ણવી ચૂક્યા છીએ કે આ નૂર કોઈ પણ શંકા વગર (નિઃશંકપણે) નબુવ્વત અને ઈમામતનું નૂર છે. કારણ કે જ્યારે આ નૂર નબી (સ.અ.સ.)માં હતું, ત્યારે (કુરાનના) નાઝિલ થવાના જ્ઞાન સ્વરૂપે હતું; અને જ્યારે ઈમામ (અ.સ.)માં આવ્યું, ત્યારે તાવીલના જ્ઞાનની હેસિયતથી

છે. [૭] અને બન્ને પ્રકારમાં કુરાન અને નૂરના અરસપરસ સંબંધ તથા (એકબીજા વગર ન ચાલે તે) જરૂરિયાત નજરે આવે છે (જણાય છે) કેમકે અહીં નૂરનો અર્થ નીતિ (નિકપણું) અને હિદાયત તથા જ્ઞાન અને હિકમત છે.

અહીં ઉલ્લેખ થનાર મજકૂર દલીલોમાં એ હકીકત સંપૂર્ણપણે સ્પષ્ટ થઇ ગઇ કે નબુવ્વતના સમયમાં ખુદાના તરફથી લોકોને સંપૂર્ણ હિદાયત આપવા માટે કુરાનની સાથે સાથે એક જીવંત નૂર પણ હતું, જેનો ઉલ્લેખ હક્તઆલાએ 'સિરાજે મુનીર' ના વિષયથી ર્ક્યો અને જ્યાં હક્તઆલાએ પોતાની હકીકતના વિષે કોઇ વ્યાજબી ઉપમા દેવાનું પસંદ ર્ક્યું, તો ત્યાં પણ તેણે 'સિરાજ'ના જેવો જ અર્થ ધરાવનાર શબ્દ ઉપયોગમાં લીધો; અને તે શબ્દ છે 'મિસ્બાહ'. જે માટે ફરમાવેલું છે કે :

**"અલ્લાહો નૂરુસ્સમાવાતી વલ અર્ઝે મસલુ નૂરીહી કમીશ્કવાતીન ફી હા મિસ્બાહ."** (૨૪:૩૫) – અર્થ : ખુદા

---

૭. હાજી સૈયદ નસરૂલ્લાહ તક્વા મારફત હકીમ નાસીર ખુશરૂના પુસ્તક 'દીવાને અશ્આર'ના સંશોધનમાં પાના નંબર ૧૭૪ પર જણાવેલું છે કે, **"ગુફ્તમ કે બ કુરાન દર પૈદાસ્ત કે અહેમદ – બશીર વ નઝીરસ્ત વ સીરાજસ્ત વ મુનવ્વર ગર ખ્વાહદ કુશ્તન બ દહન કાફર આવરા – રોશન કુન્દશ ઇઝદ બર કાફાએ કાફર".**

તરજુમો : મેં ક્હ્યું કે કુરાનમાં સ્પષ્ટ છે કે હઝરત મુહમ્મદ (સ.અ.સ.) બશીર અને નઝીર અને (એવો) પ્રકાશિત દીવો છે કે જો તેને ન માનનારા અને કાફરો પોતાના મોઢાથી બુઝાવવા ઇચ્છે તો ખુદાવંદતઆલા (તેમની ઇચ્છા વિરુદ્ધ) તે દીવાને (ક્યામત સુધી દરરોજ) વધુ અને વધુ પ્રકાશિત કરશે.

આસમાન અને જમીનનું નૂર છે, તેના નૂરની ઉપમા એક એવા ગોખલા જેવી છે જેમાં દીવો પ્રકાશિત કરવામાં આવ્યો હોય. હવે આ ખૂબ જ વિચારવાનું સ્થાન છે કે ખુદા તઆલાએ પોતાના નૂરની ઉપમા પ્રકાશના એ મહાન કુદરતી અને આસમાની સાધનોથી શા માટે ન આપી જે સૂર્ય, ચંદ્ર અને તારાના નામોથી પ્રખ્યાત છે; અને શું કારણ છે કે તેણે પોતાના નૂરની ઉપમા ઘરના દીવાથી આપી અને પોતાના રસૂલ (સ.અ.સ.)ના નૂરની ઉપમા પણ દીવાથી આપી, તો આ અતિશય સખત સમસ્યાઓનો સાચો ઉકેલ એ જ છે કે રસૂલનું નૂર ખુદાનું જ નૂર છે, જેની સાબિતી એ છે કે જ્યારે હકતઆલાએ નૂરને પોતાની હસ્તી – પોતાની જાત સાથે સંબંધિત – સંકળાયેલું – કહ્યું, તો તેમાં નૂરની ઉપમા પ્રકાશિત દીવાથી આપી; અને જ્યારે નૂરને રસૂલ (સ.અ.સ.)ની સાથે સંબંધિત ફરમાવ્યું તો તેમાં પણ તેજ પ્રમાણે તેની ઉપમા 'પ્રકાશિત દીવા'થી જ આપી, અને નૂરની ઉપમા બન્ને પ્રકારેમાં ઘરના દીવાથી આપવાનું એક કારણ બીજું પણ છે કે જેમ ફરમાવેલું છે કે, **"નૂરુન અલા નૂર"** ' તે મુજબ પ્રકાશને એક પ્રકાશિત થયેલા દીવાથી બીજા તૈયાર દીવામાં બદલી કરવામાં આવે છે, પણ એક સૂરજથી બીજો સૂરજ ઉત્પન્ન નથી થતો.

---

૮. 'નૂરુન અલા નૂર'નો અર્થ એ છે કે એક ઇમામ પછી બીજો ઇમામ થતો રહેશે ('તફસીરુલ મુત્તકીન' પાના નંબર ૪૨૪; 'તફસીર સાફી' પાના નંબર ૩૫૧ના હવાલાથી અત્તૌહીદ મન્કુલ અઝ ઇમામ જાફર સાદિક અલૈહિસ્સલામના હવાલાથી).

આમ નૂરના જાહેરી વિભાગ (અર્થાત નબુવ્વત અને ઈમામતનાં જુદાં જુદાં શરીરો)ની બદલીના કારણે દીવાની ઉપમા વધુ યોગ્ય અને વ્યાજબી છે અને નૂરના બાતીની વિભાગ અર્થાત અક્લે કુલ્લ અને નફસે કુલ્લના સ્થાન થકી સૂર્ય અને ચંદ્રની ઉપમા બરાબર છે. હવે આ સિદ્ધાંત મુજબ તમો પોતે બરાબર રીતે વિચાર કરીને બતાવો કે કુરાનની નીચે જણાવેલ આયતમાં નૂરના ક્યા વિભાગ સંબંધે ફરમાવવામાં આવ્યું છે.

**"યૂરી યદૂન ઈનયત્તફીઊ નૂરલ્લાહી બી અફવાહીહીમ વ યા બિલ્લાહુ ઈલ્લા અંય્યતુમ નૂરહૂ વ લવ કરીહલ કાફીરૂન."** (૯:૩૨) – અર્થ : "તે (મુન્કીરો) (ન માનનારાઓ) ઈચ્છે છે કે પોતાનાં મોઢાં (યાને ખોટી દલીલો)થી ખુદાના નૂરને બુઝાવી દયે; અને ખુદા એમ કરવાનું નથી ઈચ્છતો, જોકે કાફર તેનાથી નાખુશ છે." આનો અર્થ તદ્દન સ્પષ્ટ છે કે અહીં નૂરના જાહેરી વિભાગ બાબત ઉલ્લેખ થયો છે, એટલે કે ખુદાના નૂરનું વર્ણન કરવામાં આવ્યું છે કે જે પવિત્ર અંબિયાઓ અને ઈમામોના વ્યક્તિત્વના દીવાથી પ્રકાશિત થતું આવ્યું છે; અને એ જ નૂરને મુન્કીરો (ખુદાને ન માનનારાઓ) પોતાની ખોટી દલીલોની ફૂંકો વડે બૂઝાવવાનો નિષ્ફળ પ્રયાસ કરતા રહ્યા છે, પણ આ નૂર હંમેશથી આસમાની પુસ્તકોની સાથે સાથે મૌજૂદ છે. આજ અર્થનો નિર્દેશ કરતાં કોઈ શાયરે કહ્યું છે કે,

"નૂરે ખુદા હૈ કુફ્ફી હરકત પે ખંદાઝન,<br>
ફૂંકોસે યે ચિરાગ બુઝાયા ન જાયેગા."

# ૧૦. આસમાની પુસ્તકનો વારસો

સાતમી દલીલ :-

**"સુમ્મા ઔરસના અલ કિતાબલ્લઝીના અસ્તફીના ફી ઈબાદીના."** (૩૫:૩૨) – **અર્થ** : "પછી અમોએ પુસ્તક (એટલે કે કુરાનના જ્ઞાન અને હિકમત)ના વારસદારો કરી દીધા, તેમને કે જેમને અમોએ પોતાના બંદાઓથી ચૂંટી કાઢ્યા છે." પુસ્તક એટલે કે કુરાનના જ્ઞાન અને હિકમતના વારસદારોથી હેતુ છે. આલે મુહમ્મદ (સ.અ.સ.)ના પવિત્ર ઇમામો, કેમકે તેઓ માનવંત જ ખુદાના બંદાઓમાંથી ચૂંટી કાઢેલા અને કુરાનના જ્ઞાનના ભંડારને સાચવનાર છે, જેમકે નીચે મુજબની આયતમાં પણ **એજ અર્થ** ફરમાવેલ છે.[૯]

**"ફકદ આતેના આલે ઈબ્રાહીમ અલ કિતાબા વલ હિકમતા વ આતીનહુમ મુલ્કન અઝીમ."** (૪:૫૪) – **અર્થ** : "એમાં કોઇ શંકા નથી કે અમોએ ઈબ્રાહીમના વંશજોને (ક્યામત સુધી) પુસ્તક અને હિકમત દીધી અને તેમને એક મહાન રાજ્ય (સલ્તનત) આપી." જ્ઞાની લોકોના માટે આ હકીકતમાં જરા પણ શંકા નથી કે ઈબ્રાહીમ (અ.સ.)ની આલમાં ક્રમ મુજબ સૌથી પ્રથમ હઝરત ઈસ્માઈલ (અ.સ.), હઝરત ઈસ્હાક (અ.સ.) અને તેમના વંશજોના સઘળા અંબિયા અને ઇમામોનો ઉલ્લેખ છે. પછી હઝરત મોહમ્મદ પયગમ્બર (સ.અ.સ.) અને તેમની

---

૯. જુઓ પુસ્તક – 'દાયમુલ ઈસ્લામ' પ્રથમ ભાગ (અરબી) પાના નંબર ૨૩; 'અલ મુત્તકીન' પાના નં. ૫૨૪.

પવિત્ર આલના ઈમામોનો ઉલ્લેખ છે.[10] પરંતુ આ માનવંતોને પુસ્તક આપવાનો અર્થ એવો હરગીઝ નથી કે ઈબ્રાહીમ (અ.સ.)ના વંશજોમાંથી દરેક પયગમ્બર (અ.સ.) અને પ્રત્યેક ઈમામ (અ.સ.) ઉપર એક પુસ્તક નાઝિલ કરવામાં આવ્યું હોય, બલ્કે તેનો અર્થ એ છે કે જે પ્રખ્યાત પુસ્તકો નાઝિલ થતાં હતાં, તેની એકંદર હકીકત અસલમાં એક પુસ્તક જેવી જ છે, જેને હક તઆલા અહી 'અલ કિતાબા'ના નામથી સંબોધે છે. જે લોકોને ખુદાના તરફ બોલાવવા અને મોમીનોને જ્ઞાન અને હિકમત શીખવવાના હેતુથી એક પયગમ્બરના પછી બીજા પયગમ્બર અથવા ઈમામને આપવામાં આવે છે. એ માટે કે રૂહાની રાજ્ય એટલે કે નબુવ્વત અને ઈમામત તેમના જ ક્રમમાં (વંશ પરંપરાગત) ચાલતી રહી છે. આ રીતે એ જણાય છે કે કુરાન મજીદના જ્ઞાન અને હિકમતનો વારસો રસૂલુલ્લાહ (સ.અ.સ.)ના પછી મૌલાના અલી (અ.સ.)ને જ મળ્યો છે;

---

૧૦. 'દાયમુલ ઈસ્લામ' પ્રથમ ભાગ, પાના નંબર ૨૧ અને ૨૨ ઉપર ઈમામ મોહમ્મદ બાકર (અ.સ.)થી ઉતારો કરેલ છે કે, અલ્લાહતઆલાએ હ. ઈબ્રાહીમ (અ.સ.)ની આલમાંથી રસૂલો, અંબિયા અને ઈમામો બનાવ્યા. વળી ફરમાવ્યું છે કે, 'મુલ્કન અઝીમ'નો એ હેતુ છે કે તેઓમાંથી ઈમામ બનાવ્યા. જેણે તેમની તાબેદારી કરી તેણે અસલમાં ખુદાની તાબેદારી કરી; અને જેણે તેમની નાફરમાની કરી તેણે ખુદાની નાફરમાની કરી. બસ એજ મુલ્કન અઝીમ છે. પછી કઇ રીતે (એ વ્યાજબી હોઇ શકે છે કે) તેઓ આલે ઈબ્રાહીમમાં તો તેને કબૂલ કરે છે પરંતુ આલે મુહમ્મદ (અ.સ.)માં કબૂલ નથી કરતા – 'તફસીરૂલ મુત્તકીન' પાના નંબર ૧૦૩ ઉપર પણ એ જ રિવાયત લખેલી છે.

અને તેમના પછી તેમના પવિત્ર વંશજોમાં કુરાનનો આ મહાન વારસો મૌજૂદ અને બાકી છે.

## ૧૧. નૂરે હિદાયત

આઠમી દલીલ :-

**"યા અય્યુહલ્લઝીના આમનુ અત્તકુલ્લાહ વ આમીનુ બીરસૂલીહી યુઅતીકુમ કીફ્લીની મીર્રહેમીતહી વ યજઅલ્લકુમ નૂરન તમશુન બીહી વ યગ્ફર લકુમ વલ્લાહુ ગફુરુર્રહીમ."** (૫૭:૨૮) - અર્થ : "અય ઈમાનવાળાઓ ! ખુદાથી ડરો અને તેના રસૂલ (મુહમ્મદ) પર (જેમ હોવું જોઈએ) ઈમાન લાવો, તો ખુદા તમોને તેની રહેમતના બે ભાગોમાં (અર્થાત જાહેર અને બાતિનમાં) બદલો અર્પણ કરશે અને તમારા માટે એવું નૂર નિયુક્ત કરશે કે જે (ના પ્રકાશમાં) તમો (સીધા રસ્તા પર) ચાલશો અને તમોને બખ્શી દેશે, અને ખુદા ઘણો મોટો બક્ષનાર, મહેરબાન છે. "[૧૧]

---

૧૧. હઝરત મૌલાના ઈમામ સુલતાન મુહમ્મદ શાહ અલૈહિસ્સલામે ફરમાવ્યું કે, "હું હઝરત અલી (અ.સ.) અને પવિત્ર રસૂલ (હઝરત મુહમ્મદ સ.અ.સ.) બન્નેનું નૂર છું. (ક.ઈ.મુ. પાનું ૧)

વળી હઝરત મૌલાના સરકાર, નામદાર શાહ કરીમ અલ હુસૈની (અ.સ.) હાઝર અને મૌજૂદ ઈમામ ફરમાવે છે કે, "ઈમામના નૂરે રૂહાની અને દુન્યવી સંતોષ – સુખ પ્રાપ્ત કરવા માટે તમોને એંધાણ આપ્યું છે (બતાવ્યું છે) કે તમોએ ક્યાં અને કઈ દિશામાં વળવું જરૂરી છે. (ફરમાન મુબારકના પુસ્તક, ભાગ પહેલામાંથી) આ ઉપરાંત પુસ્તક 'અસાસુલ તાવીલ' (અરબી)ના પાના ૩૪૯થી ૩૫૪.

અહીં ઉલ્લેખવામાં આવેલ પવિત્ર આયતમાં "યા અય્યુહલ્લઝીના આમનૂ" કહીને ખુદા તરફથી થયેલ સંબોધન તે લોકોના માટે છે, જેઓ ખુદા અને તેના રસૂલ ઉપર ઈમાન લાવીને કુરાનની એ જાહેરી આજ્ઞા ઉપર અમલ કરવા લાગ્યા હતા. "અત્તકુલ્લાહ"ની આજ્ઞામાં તેઓને દરેક પ્રકારની પરહેઝગારી અને ખુદાના ડરની કેળવણી આપવામાં આવી છે. "વ આમીનૂ બી રસૂલીહી"ના ફરમાનમાં તેમને એ ફરમાવ્યું છે કે, તમો ખુદાના રસૂલ ઉપર ખરા અર્થમાં ઈમાન લાવો. મતલબ કે રસૂલ (સ.અ.સ.) તમારા ભાવિના માર્ગદર્શનના માટે ખુદાના ફરમાન મુજબ જેને પોતાનો વારસદાર (જાંનશીન) નિયુક્ત કરે અને એ વિષયમાં તમોને જે કંઈ ફરમાન કરે, તમો તેની સંપૂર્ણપણે તાબેદારી કરો. "યુઅતીકુમ કીફલીની મંર્રેહેમત"નો અર્થ છે કે ખુદા તે વસીલાથી (તેના મારફત) તમોને પોતાની રહેમત અર્થાત જાહેરી અને બાતિની હિદાયતના બે ભાગો, બદલા તરીકે (અજર) અર્પણ કરશે.

"વ યજઅલ્લકુમ નૂરન" અને તમોને એક એવું નૂર (અર્થાત ઈમામે ઝમાનની મારફત) અર્પણ કરશે. "તમશુન બીહી" કે જેના પ્રકાશમાં તમો જગતનાં પરિવર્તનો (પલ્ટાઓ)ના કોયડા ઉકેલતા આગળ વધી શકશો. "યગફર લકુમ વલ્લાહુ ગફુર્રુરહીમ" અને ખુદા તમોને માફ કરી દેશે, એટલે કે તમારાં કાર્યો (આસાન) – સહેલાથી સહેલા થતાં જશે; અને ખુદા ઘણો મોટો બક્ષવાવાળો છે, મહેરબાન છે.

ખુદા તઆલાના આ ફરમાન ઉપરથી એ જણાયું કે જે

નૂરના પ્રકાશમાં જગતમાં આવતાં પરિવર્તનો – પલ્ટાઓના કોયડા ઉકેલતાં આગળ વધી શકાતું હોય તે ઈમામતનું જ નૂર છે, જે મોમીનોના માટે જાહેરમાં તે વખતે નિયુક્ત કરવામાં આવ્યું, જ્યારે તે લોકો (ઈમાન લાવનારાઓ)એ ખુદા અને રસૂલ ઉપર ઈમાન લાવીને કુરાનની જાહેરી આજ્ઞા ઉપર અમલ કર્યો, ખુદાથી ડરીને પરહેઝગારીનો રસ્તો અપનાવ્યો; અને રસૂલના છેલ્લા ફરમાનની સંપૂર્ણપણે તાબેદારી કરી, કે જે ગદીરે ખુમમાં સંભળાવવામાં આવેલ, જે આ શબ્દોમાં હતું : **"મન કુન્તો મૌલાહુ ફ હાઝા અલીય્યુન મૌલા** – જેનો હું મૌલા છું, બસ આ અલી પણ તેમનો જ મૌલા – આકા છે." તો પછી આ તાબેદારીના બદલામાં તે મોમીનોને ખુદાતઆલાની રહેમતથી જાહેરી અને બાતિની હિદાયતના બે ભાગ મળ્યા; અને તેઓને સદાયના માટે ઈમામે ઝમાનની મારફત પ્રાપ્ત થઈ, જેના થકી તેઓ ઈમામને ઓળખવાની દરેક કસોટી અને પરીક્ષામાં સફળતા મેળવતા ચાલ્યા આવ્યા છે, તેમજ એજ રીતે તેઓનાં સઘળાં કાર્યો સહેલાં કરી દેવામાં આવ્યાં.

## ૧૨. રાસીખૂન ફીલ ઈલ્મ

નવમી દલીલ :–

**"વમા યઅલમુ તાવીલહુ ઈલ્લા અલ્લાહુ વર્રાસીખૂન ફીલ ઈલ્મ યકુલુન આમન્ના બીહી કુલ્લુમ્મીન ઈન્દી રબ્બીના વમા યઝ્ઝક્કરૂ ઈલ્લા ઉલૂલ અલબાબ."** (૩:૬)

અર્થ : અને કુરાનની તાવીલ (ખરો અર્થ) અલ્લાહના અને તેમના સિવાય કે જેઓ જ્ઞાનમાં પ્રવીણ છે અન્ય કોઈ

જાણતું નથી; અને તેઓ કહે છે કે અમે તેના ઉપર ઈમાન લાવ્યા (અમો તેના ઉપર વિશ્વાસ રાખીએ છીએ) દરેક (દાખલા તથા આજ્ઞાઓ) અમારા પરવરદિગાર તરફથી છે; અને બુદ્ધિશાળીઓ સિવાય અન્ય કોઇ લોકો બોધ ગ્રહણ કરતા નથી." [૧૨]

હઝરત ઈમામ જાફર સાદિક (અ.સ.)મે ઉપર જણાવેલ આયતની તફસીરના બારામાં ફરમાવ્યું : **"નહનુર્રાસીખૂન ફીલ ઈલ્મ વ નહનુ નઅલમ તાવીલહી વ ફી રીવાયતન : ફ રસૂલિલ્લાહ અફઝલ અર્રાસીખીન ફીલ ઈલ્મ કદ અલ્લમહુલ્લાહ અઝ્ઝુ વ જલ્લ જમીઅ મા અન્ઝલ અલૈહી મીનત્તનઝીલ વત્તાવીલ વમા કાનલ્લાહ લીયનઝઝલુ અલૈહી શૈઈન લમ યઅલમહુ તાવીલહી વ ઔસીયાઇહી મીમ્બાદહી યઅલમુનહુ કુલ્લહુ."**

અર્થ : "અમો (ઈમામો) જ દીનના ઈલ્મમાં (ધર્મના જ્ઞાનમાં) પ્રવીણ – મજબૂત છીએ અને અમો કુરાનની તાવીલ જાણીએ છીએ. એક અન્ય રિવાયતમાં છે : દીનના ઈલ્મમાં પ્રવીણતા ધરાવનારાઓમાં સૌથી વધુ પ્રવીણ અને ઉચ્ચતા હઝરત રસૂલુલ્લાહ (સ.અ.સ.) ધરાવે છે (કારણ) કે ખુદાતઆલાએ આપ સાહેબ ઉપર નાઝિલ કરેલી બાબતો અને તાવીલની બાબતોમાંથી જે કંઇ નાઝિલ ફરમાવ્યું તે સઘળું

---

૧૨. તાવીલ અને ઈમામના વિષયના માટે 'વજહે દીન' પહેલો ભાગ, પાના નંબર ૯ થી ૩૨ જોઇ જાઓ. વળી પાના નંબર ૬૮ થી ૮૬; અને પુસ્તક 'અસાસુલ તાવીલ' (અરબી)ના પાના નંબર ૨૮ થી ૩૨ જોઇ જુઓ.

આપ માનવંત (સ.અ.સ.)ને શીખવ્યું છે, કારણ કે ખુદાની શાન – ખુદાના ગર્વને માટે એ કદાપી વ્યાજબી નહોતું કે ખુદા આપ માનવંત (સ.અ.સ.) ઉપર કોઇ એવી વસ્તુ નાઝિલ ફરમાવી હોત કે જેની તાવીલ (જેનો ગૂઢાર્થ) રસૂલુલ્લાહ (સ.અ.સ.)ને ન શીખવે (એજ પ્રમાણે) આપ સાહેબ (સ.અ.સ.)ના વંશધરો – વારસદારો પણ કુરાનની તાવીલ સંપૂર્ણપણે જાણે છે." [13]

ઉપર મુજબની આયતના અર્થ ઉપર થોડું ધ્યાન આપવામાં આવે, જરા વિચાર કરવામાં આવે, તો પણ એજ સત્ય સાબિત અને સ્પષ્ટ થાય છે કે કુરાનની તાવીલ (જેનું બીજું નામ હિકમત છે) સમયના વેગ સાથે અને વખતની જરૂરિયાત પ્રમાણે પગથિયે પગથિયે (એક પછી બીજા દરજજા મુજબ) લોકોને શીખવવા માટે હઝરત રસૂલ (સ.અ.સ.) પછી દરેક ઝમાનામાં – દરેક વખતમાં બરહક ઈમામ હાજર અને મૌજૂદ છે, જો એમ ન હોત અને ખુદાએ છેલ્લા નબી (સ.અ.સ.) ઉપર નબુવ્વત અંતાવી દીધી હોત, પોતાની ખાસ ખાસ હિકમતોને સ્પષ્ટ કરવાને બદલે કોઇ નમૂના અથવા કોઇ સ્વરૂપના વર્ણન દ્વારા બતાવી અને આમ કરવામાં સચ્ચાઇ જાહેર કરી ન હોત, તો એ તો ખુદાના તરફથી દીની હિદાયતની બાબતમાં બહુ મોટી કંજૂસી હોત અને હિદાયત

---

૧૩. પુસ્તક 'તફસીરિ સાફી'ના પાના નંબર ૭૯; 'તફસીરૂલ મુત્તકીન' પાના નંબર ૫૯; 'વજહે દીન' ભાગ બીજો (ઉર્દુ), પાના નંબર ૧૪૦; 'તાવીલ અદાઇમ' ભાગ પહેલો, પાના નંબર ૬૫.

ચાલુ રાખવા વિષે ક્યો માર્ગ લેવો તે માટે કોઇ છેવટનો નિર્ણય ન લીધો એમ કહેવાત, પણ એમ થવું એ તો ખુદાના ન્યાય અને તેની રહેમત – તેની કૃપાથી વિરુદ્ધ છે, બલ્કે સાચી વાત તો એજ છે કે મહાન રસૂલ (સ.અ.સ.)ના સાચા વારસદાર અર્થાત ઈમામ (અ.સ.) સદાને માટે તાવીલ (કુરાનના ગૂઢાર્થ સમજાવવા)ના સાધન અને હિદાયતના પાયા સ્વરૂપે હોય છે.

## ૧૩. ઈબ્રાહીમ (અ.સ.) અને ઈસ્માઈલ (અ.સ.)ની દુઆ

દસમી દલીલ :–

**"રબ્બના વજઅલના મુસ્લીમીની લક વ મીન્ઝુર્રીય્યતીના ઉમ્મતંમ્મુસ્લીમા, લક રબ્બના વબઅસુ ફીય્હીમ રસૂલમ્મીનહુમ યત્લુ અલૈહીમ આયાતક વયઅલ્લીમુહુમ અલ કિતાબ વલ હિકમત વ યુઝક્કીયીહુમ."** (૨:૧૨૮–૧૨૯) અર્થ : "(હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ અ.સ.મે કહ્યું) હે અમારા પરવરદિગાર, અમોને તારા હકીકી આજ્ઞાપાલક બંદા બનાવ અને અમારી ઓલાદમાંથી પણ એક એવી જમાત – (પ્રજા, ઉમ્મત) પયદા કર કે જે તારી હકીકી આજ્ઞાપાલક મુસ્લિમ હોય, હે અમારા પરવરદિગાર, અને એ જમાતની અંદર તેઓમાંથી જ એક એવો રસૂલ પણ નિયુક્ત કર, જે તે લોકોને તારી આયતો વાંચી વાંચીને સંભળાવે અને તેમને

આસમાની પુસ્તક તથા હિકમતનું શિક્ષણ આપે અને તેમને પવિત્ર બનાવી દે." [૧૪]

એ જમાત જેનો અહીં ઉલ્લેખ થયો છે, જે ખુદાની હકીકી આજ્ઞાપાલક જમાત છે, તે છે ઈબ્રાહીમ (અ.સ.)ની આલમાંના પવિત્ર ઈમામો, જેની પરંપરા ક્યામત સુધી ચાલતી રહેશે; અને રસૂલથી (જેનો ઉલ્લેખ આ આયતમાં છે) સામાન્ય રીતે હ. ઈબ્રાહીમ (અ.સ.)ની આલમાંથી સઘળા પયગમ્બરો અને ખાસ રીતે હઝરત મોહમ્મદ રસૂલ (સ.અ.સ.) હેતુ છે. કારણ કે અંબિયા ઈમામોની જાતિમાંથી છે અને આપ માનવંત પયગમ્બર (સ.અ.સ.) સાહેબે અસલમાં ખુદાની આયતો જાહેર અને બાતિનમાં તેમને જ વાંચી સંભળાવી છે, તેઓને જ આસમાની પુસ્તક અને હિકમતનું શિક્ષણ આપ્યું છે; અને તેમને જ પાક અને પવિત્ર રાખ્યા છે કે જેથી એ માનવંત ઈમામો કુરાન અને હિકમતના એ ખાસ અને ચમત્કારિક શિક્ષણ અને પવિત્રતાના ગુણો વડે ઈમામતના નૂરને લાયક બની જાય અને પવિત્ર કુરાનની તાવીલની રૂહ વડે ખુદાના બંદાઓને તેઓના પ્રયત્નો અને કોશિશ તથા તેમની હક્કદારી મુજબ હિદાયતનો લાભ પહોંચાડતા રહે. આ હકીકતની વધુ કબૂલાત અને તેને ટેકો આપતી બાબત એ છે કે :

---

૧૪. 'તફસીરૂલ મુત્તકીન' પાના નંબર ૨૩; મોલવી મકબૂલ અહેમદ દ્વારા અનુવાદ કરવામાં આવેલ 'તરજુમાએ કુરાન' પાના નંબર ૨૩; 'વજહે દીન' ભાગ બીજો (ઉર્દુ), પાના નંબર ૪૧; 'દાઈમુલ ઈસ્લામ' ભાગ પહેલો (અરબી), પાના નંબર ૩૩.

**"વ કઝાલિક જઅલનાકુમ ઉમ્મતંવ્વસ્તલ્લકુનુ શોહદાઅ અલન્નાસી વયકુનુર્રસૂલ અલૈકુમ શાહીદન." (૨:૧૪૩)**

"અને એજ રીતે (ઓ સાચા – બરહક્ક ઈમામો) અમોએ તમોને ન્યાય કરનાર ઉમ્મત (વચલી જમાત) બનાવી દીધી કે જેથી તમો લોકો ઉપર સાક્ષી બનો; અને રસૂલ (હ. મોહમ્મ્દ સ.અ.સ.) તમારા ઉપર સાક્ષી બને." [૧૫]

'વસ્તન'નો અર્થ આદિલ–ન્યાયી સિવાય 'વાસ્તો', 'વસીલો', 'દ્વારા' અને 'કેન્દ્ર' (મર્કઝ) પણ થાય છે; અને આ સઘળા અર્થો વડે એ વાત સાબિત થઇ જાય છે કે નિઃશંક આ આયત પવિત્ર ઈમામોની શાનમાં છે. કારણ કે દરેક ઈમામ (અ.સ.) પોતાના સમયમાં ઉમ્મત અને રસૂલ (સ.અ.સ.)ની

---

૧૫. પુસ્તક 'વજહે દીન' ભાગ બીજો, પાના નંબર ૨૦૫, કર્તા : હઝરત પીર નાસીર ખુશરૂ; 'તફસીરૂલ મુત્તકીન' પાના નંબર ૨૫; 'દાઈમુલ ઈસ્લામ' પ્રથમ ભાગ, પાના નંબર ૩૫.

વળી સલીમ બિન કૈસ દ્વારા કહેવામાં આવ્યું છે કે "હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું કે ન્યાય કરનાર ઉમ્મત અને લોકો ઉપર સાક્ષી અમે છીએ; અને આ બાબત થકી ખુદાનો હેતુ ખાસ અમે જ છીએ; અને હઝરત રસૂલ (સ.અ.વ.) અમારા ઉપર સાક્ષી છે; અને અમો ખુદાના સાક્ષી છીએ, તેની મખ્લૂક (તેની રચના) ઉપર અને જમીન પર તેની હુજ્જત છીએ; અને તે અમે જ છીએ જેના વિષે ખુદાએ ફરમાવ્યું છે કે, **'કઝ અલૈક જઅલના કુમ ઉમ્મતંવ્વસ્તન'**. જુઓ પુસ્તક 'શવાહીદલ તન્ઝીલ' લેખક : હાકમ અબુલ કાસીમ (ફરમાનઅલી દ્વારા લખેલ 'તર્જુમાએ કુરાન' પાના નંબર ૩૩ના હાસિયામાં તપાસી જુઓ).

વચ્ચે 'વાસ્તો' 'વસીલો' અને સાધન (કે જે સાધન દ્વારા કોઈ કાર્ય સાધી શકાય તે) છે અને લોકોનું કેન્દ્ર છે અને એ જ કારણસર તે (ઈમામ અ.સ.) ખુદા અને રસૂલ (સ.અ.સ.) તરફથી લોકો ઉપર સાક્ષી છે અને સાક્ષી (ગવાહ)નો અરબી શબ્દ છે 'શાહીદ' જેનો અર્થ છે 'હાજર' અને એનો મતલબ છે કે ઈમામ (અ.સ.) લોકોની સામે હાજર રહીને તેઓને હિદાયત – માર્ગદર્શન આપે છે અને તેમના આમાલ – કર્તવ્યનો સાક્ષી હોય છે; અને રસૂલ (સ.અ.સ.)નું દરેક ઈમામ ઉપર સાક્ષી હોવાનો મતલબ છે કે આપ માનવંત સાહેબ (સ.અ.સ.) પોતાની નૂરાનિયતમાં દરેક જમાનાના ઈમામ (અ.સ.)નીસામે મૌજૂદ છે કે જે આસમાની પુસ્તકના શિક્ષણ અને હિકમત શીખવાડી દેતી હોય છે. આમ રસૂલ (સ.અ.સ.) ઈમામ (અ.સ.) ઉપર એ વાતના પણ સાક્ષી છે કે ઈમામે લોકોની હક્દારી મુજબ તેઓને હિદાયત આપી છે. 'શાહીદ' શબ્દ સાક્ષીના અર્થમાં ખુદાના નામોમાં પણ છે; અને રસૂલ (સ.અ.સ.) તથા ઈમામ (અ.સ.)નાં નામોમાં પણ અને આમ થવા પાછળ હરગીઝ કોઈ મતભેદ નથી હોઈ શકતો. કારણ કે ખુદા, રસૂલ (સ.અ.સ.)ના લીધે લોકો ઉપર સાક્ષી છે, રસૂલ (સ.અ.સ.) ઈમામને લીધે લોકો ઉપર સાક્ષી છે; અને ઈમામે ઝમાન (અ.સ.) પોતાના વ્યક્તિગત રીતે લોકો ઉપર સાક્ષી છે, એટલા માટે કે ઈમામે ઝમાન લોકોની સામે હાજર છે અને ફક્ત હાજર હોનારનું જ સાક્ષી થવું વ્યાજબી છે અને અક્કલના

માટે કબૂલ થવાને લાયક છે અને કોઇ ગૈબ (અદ્રષ્ય) વ્યક્તિગત રીતે કોઇનો સાક્ષી નથી થઇ શકતો, માટે ક્યામતના દિવસે ઇમામની ઓળખાણ અને જરૂરી હિદાયતની પૂછગાછના માટે તથા ન્યાય અને ઇન્સાફના ખાતર દરેક જમાનાના લોકોને તેમના જમાનાના ઇમામ (અ.સ.)ની સાથે બોલાવવામાં આવશે. આ માટે ખુદાનું ફરમાન છે કે, **"યૌમ નદઉ કુલ્લુન્નાસીન બી ઇમામીહીમ."** (૧૭:૭૧).

સ્પષ્ટ છે કે ખુદા અને રસૂલ (સ.અ.સ.)ના તરફથી લોકો ઉપર ખરા અર્થમાં સાક્ષી બરહક ઇમામ અલૈહિમુસ્સાલમ જ છે, કારણ કે ઇમામ લોકોની વચ્ચે દરેક જમાનામાં હાજર અને મૌજૂદ છે કે જેથી તે લોકોને આસમાની પુસ્તકની તાવીલ તથા હકીક્તથી જાણકાર કરી દીધા કરે.

માટે આ આયત ઉપર થોડું ધ્યાન આપવાથી એ સચ્ચાઇ પૂરી રીતે સ્પષ્ટ થઇ જાય છે કે ન ફક્ત અંબિયા અલૈહિમુસ્સલામની સાથે બલ્કે તેમના પછી પણ દરેક જમાનામાં ઇમામતની પરંપરા સાક્ષી તરીકે ક્યામત સુધી ચાલુ રહેનાર છે. એ આયત આ મુજબ છે : **"વ અશરકતીલ અર્ઝુ બી નૂરી રબ્બીહાવ વુઝીઅલ કિતાબુ વજાઇયાસ બીન્નબીય્યીન વશ્શાહદાઇ વકુઝીઅ બૈનહુમ બીલ હક્કી વહુમ લા યુઝલમુન."** (૩૯:૬૯).

અર્થ : "અને (ક્યામતના દિવસે) ધરતી (પૃથ્વી) તેના માલિકના નૂરથી પ્રકાશિત થઇ જશે અને પુસ્તક રાખી દેવામાં

આવશે (કરણીના લેખ સામે ધરવામાં આવશે) અને પયગમ્બરો તથા સાક્ષીઓ (અર્થાત હકીકી ઈમામો) આવશે અને તેમની વચ્ચે ન્યાય સાથે યોગ્ય ફેંસલો કરવામાં આવશે અને તેમના ઉપર મુદ્દલ જુલમ કરવામાં નહી આવે."

જ્યારે એ સાબિત થયું કે દુનિયામાં હંમેશા કુરાનની સાથે સાથે ઈમામે ઝમાન પણ હાજર અને મૌજૂદ છે, તો એ જણાય છે કે કુરાન અને ઈમામ એકબીજાના પૂરક છે. (બન્ને એકબીજા માટે જરૂરી છે) એ માટે કે કુરાન દરેક વ્યક્તિ ઉપર ઉતારવામાં નથી આવ્યું, પરંતુ ખુદાના કાનૂન પ્રમાણે તે એક સંપૂર્ણ માનવી (પરિપૂર્ણ વ્યક્તિ) ઉપર નાઝિલ થયું, તો પછી એ બાબત જરૂરી છે કે કુરાનની તાવીલ યાને કે તેની હિકમત પણ એક પરિપૂર્ણ વ્યક્તિને આપી દેવામાં આવે કે જેથી તેજ એક વ્યક્તિ ફરમાન માનનારાઓને પવિત્ર કુરાનના જ્ઞાન અને હિકમતનું શિક્ષણ દીધા કરે.

## ૧૪. (કિતાબે નાતિક)
## બોલતું પુસ્તક

અગિયારમી દલીલ :-

**"વલદીના કીતાબુ યન્તીકુ બિલ હક્કી વ હુમ લા યુઝલમુન."** (૨૩:૬૨).

અર્થ : "અને અમારી પાસે એક એવું પુસ્તક છે જે હક (સચ્ચાઇ) અને ઈન્સાફ (ન્યાય)થી બોલે છે; અને લોકો

ઉપર (અમારા તરફથી) જુલમ કરવામાં નહી આવે." [૧૬]

અત્રે સવાલ એ પયદા થાય છે કે એ બોલવા વાળું પુસ્તક ક્યું છે ? હવે જો એમ માનવામાં આવે કે ખુદાનું બોલતું પુસ્તક કુરાન સિવાય અને તેથી જુદું કોઈક છે અને તે આ જગતમાં જાહેર નથી તો એનો અર્થ એમ થશે કે ખુદાતઆલાએ બોલવાવાળું પુસ્તક તો પોતાના પાસે રાખ્યું અને ન બોલેનાર પુસ્તક જગતના ભટક્તા (રસ્તો શોધનારા) મનુષ્યોની હિદાયત – તેમના માર્ગદર્શન – માટે મોકલ્યું કે જેથી તેઓ પોતાની અપૂર્ણ અને અધૂરી બુદ્ધિ મારફત હિદાયતની સચ્ચાઈને સમજે અને ખુદાના હુકમ મુજબ કાર્યો (અમલ) કરે, જોકે અક્કલ – બુદ્ધિ અને વિદ્વતા તથા સચ્ચાઈ અને ઈન્સાફની જરૂરત મુજબ તો એમ થવું જોઈતું હતું કે ખુદા પોતાની રહેમતથી મનુષ્યોની હિદાયત – માનવીના પૂર્ણ માર્ગદર્શનના માટે બોલવાવાળું પુસ્તક અને ન બોલનારું પુસ્તક બન્નેને એક સાથે મોકલ્યા હોત, અથવા ઓછામાં ઓછું એ કે બોલવાવાળુ પુસ્તક મોકલતે કે જેથી ક્યામતના દિવસે લોકો

---

૧૬. એક વેળાએ મૌલાના મુર્તઝા અલી (અ.સ.) કુરાનની તિલાવત કરી રહ્યા હતા કે તેના બારામાં આ આયતે કરીમા ઊતરી : **"હાઝા કીતાબુના યન્તીકુ અલૈકુમ બીલ હક્કી."** (૪૫:૨૯) – "આ અમારું પુસ્તક (લખાણ) તમારા ઉપર સાચું સાચું બોલે છે", તો કુરાન પોતાના માથા મુબારક ઉપર રાખીને તેઓ ફરમાવવા લાગ્યા : "હે ઈલાહી પુસ્તક, બોલો ! હે ખુદાના પુસ્તક, બોલો ! હે ખુદાના પુસ્તક, બોલો !" આપ સાહેબ (સ.અ.સ.)ના આમ બોલવાનો ઈશારો એ હતો કે મૌલા પોતે જ બોલતું પુસ્તક (કિતાબે નાતિક) હતા અને કુરાન મૂંગુ (ખામોશ) પુસ્તક – (અલ મજાલિસ અલ મુસ્તનસીરીયા, પાના નંબર ૧૭૬).

હરગીઝ એમ ન કહી શકે કે, ઓ અમારા પરવરદિગાર ! જગતમાં અમારા માર્ગદર્શનના માટે તે દરેક વસ્તુ મૌજૂદ અને હાજર નહી હતી, કે જે તમારી રહેમતમાં શક્ય છે.

આ સવાલ એ માટે પયદા થયો કે ખુદાતઆલાના આ ફરમાનની કેળવણીથી સ્પષ્ટ છે કે લોકોના દીની (મઝહબી) મતભેદોનો ફેંસલો કરવાને માટે ખુદાનું ન્યાય કરવા માટેનું હકીકી સાધન તે છે કે જે ખુદાની જ શક્તિથી પોતે બોલે, જેમાં કોઇ પણ અપૂર્ણ – અધૂરી અક્કલનો વિક્ષેપ ન હોય (જેમાં કોઇ અધૂરી બુધ્ધિની મદદ લેવામાં આવી જ ન હોય) તો પછી એ જરૂરી થઇ જાય છે કે એ માટેનું હિદાયતનું સાધન (જેના મારફત હિદાયત આપવામાં આવે તે) પણ તે જ કક્ષાનું (એટલું જ ઊચ્ચ) હોવું જોઇએ, જે કક્ષા – જે સ્થિતિ ઉપર ન્યાય થાય છે અથવા થનાર છે, બલ્કે સાચી બાબત એ છે કે ખુદાના તરફથી ખુદાઇ ન્યાય (અદલે ઇલાહી) માટેનું જે સાધન છે તેજ સાધન ખુદા તરફથી મળનાર હિદાયત (માર્ગદર્શન)નું હોય અને એવું સાધન કુરાન તથા ઇમામતનું નૂર છે કે જે ઇમામે ઝમાનની અક્કલ અને રૂહમાં છે, કેમકે 'નતક' એટલે કે બોલવું માનવીની અક્કલ તથા રૂહની ખાસિયત – (ગુણ) છે અને ખુદાની નજદીકી પયગમ્બર તથા તેના વારસદારો અર્થાત ઇમામે ઝમાન (અ.સ.)ને માટે ખાસ કરીને નિયુક્ત થયેલી છે અને સંપૂર્ણ (સર્વજ્ઞાન સંપન્ન) મનુષ્ય – ઇન્સાનને પુસ્તકનું નામ આપવાનું, પુસ્તકના નામથી સંબોધવાનું કારણ એ છે કે તેમાં આસમાની પુસ્તક (દીબા પુસ્તક)ના જ્ઞાન અને હિકમતની (રૂહે નાતિક) બોલતી રૂહ મૌજૂદ હોય છે. માટે દરેક

વિદ્વાનો – જ્ઞાન ધરાવનારાઓ – પૂરતી એ બાબત સર્વમાન્ય છે. (એક મતથી કબૂલ કરેલી છે) કે કુરાનની અમુક આયતોમાં ઈમામને પુસ્તક[૧૭] અને પુસ્તકને ઈમામ[૧૮]ના નામથી સંબોધવામાં (બોલવામાં) આવ્યા છે, એ માટે કે તેના કાર્યની મર્યાદામાં એક પુસ્તક છે અને પુસ્તક તેની શક્તિની મર્યાદામાં ઈમામ, જેનું ઉદાહરણ એક વૃક્ષ – એક ઝાડ અને તેનો દાણો – તેનું ફળ – છે, તે એ રીતે કે વૃક્ષમાં તેના કાર્યના સ્વરૂપે ફળ વગેરે જાહેરમાં (નજરે આવે તેવી બાબતો) છે અને ફળમાં – દાણામાં (બીજ સ્વરૂપે) તેની શક્તિના સ્વરૂપમાં એક વૃક્ષ એક ઝાડ છુપાયેલું છે, એ માટે કુરાનમાં પણ આવેલું છે કે :

---

૧૭. 'વજહે દીન' ભાગ પહેલાનાં પાનાઓ ૨, ૬૪, ૭૬, ૭૭, ૧૦૫ અને ૧૮૭. 'વજહે દીન' ભાગ બીજાનાં પાનાઓ ૨૨, ૮૯, ૧૦૧, ૧૨૬, ૧૪૮ ૨૧૧, ૨૧૨. 'કિતાબુલ કશફ'નાં પાનાઓ ૨૦, ૩૦, ૫૧, ૯૫, ૧૨૪, ૧૩૧, ૧૩૨, ૧૪૦, ૧૬૭, ૧૬૮, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૬. 'તારીખે દાવતુલ ઈસ્માઈલીયા'નાં પાનાઓ ૩૩૩–૩૩૪ ઉપર આ કલામે મૌલા (અર્થાત ખુત્બાઓનું વર્ણન)માં લખેલ છે કે, **"અના ઉમ્મુલ કિતાબ, અના મુવ્વીલુલ તાવીલ, અના હફીઝુલ અલ્વાહ."** અર્થ : "હું ઉમ્મુલ કિતાબ (પુસ્તકની માતા) છું, હું આસમાની પુસ્તકની તાવીલ કરનાર (ગૂઢાર્થ સમજાવનાર) છું, હું તખ્તીઓની સંભાળ રાખનાર છું." (તખ્તીઓનો હેતુ છે હઝરત મૂસા (અ.સ.)ની એ તખ્તીઓ, જેના ઉપર ખુદાના તરફથી તૌરાત લખેલ હતી). એ ઉપરાંત 'તાવીલે દઆમ', ભાગ પહેલો, પાનું ૩૬૩; 'અલ મજાલીસુલ મુસ્તનસીરીયા', પાનું ૧૯૫ અને 'અલ મજાલીસુલ મઅય્યીદીયા', પાનું ૨૩૮ તપાસી જોવામાં આવે.

૧૮. 'રાહતુલ અકલ' પાનું ૬૮, સૂરહ હૂદ, આયત ૧૭, સૂરહ અહકાફ, આયત ૧૨; 'તાવીલ દઆઈમ' ભાગ પહેલો, પાનું ૬૧.

"અફમન કાન અલા બૈય્યતીર્રબ્બીહી વ યતલુહુ શાહીદુમ્મીનહુ વમીન કબ્લીહી કીતાબુ મૂસા ઈમામંવ્વ રહેમત." (૧૧ : ૧૭) – અર્થ : "ત્યારે શું એ કે જે શખ્સ પોતાના પરવરદિગાર તરફથી સ્પષ્ટ દલીલ પર હોય અને તેની સાથે સાથે જ તેના અંશનો એક સાક્ષી (તે કુરાન વાંચી જતો) હોય અને તેના પહેલાં મૂસાનું પુસ્તક (તૌરેત) કે જે (લોકોના માટે) ઈમામ (રાહબરી કરનાર) અને દયા – રહેમત કરનાર હતી, તે આ વાતમાં સંમતિ આપતી હોય (સાક્ષી આપતી હોય) તે બહેતર છે કે અન્ય કોઈ.

આ આયતમાં "અલા બૈય્યતી"નો હેતુ હઝરત રસૂલ (સ.અ.સ.) છે; અને "યતલુહુ શાહીદ મીન"નો હેતુ છે મૌલાના મુર્તઝા અલી (અ.સ.)[૧૯]

---

૧૯. 'દાયમુલ ઈસ્લામ' (અરબી) ભાગ પહેલો, પાના નંબર ૧૯–૨૦; 'તફસીરૂલ મુત્તકીન' પાના નં. ૨૬૬; 'તફસીર સાફી' પાના નં. ૨૩૨; 'અરહજુલ મુતાલિબ' પાના નં. ૩૬ ઉપર ઈબ્નુલ મુગાઝલી, ઈબ્ને અલી હાતીમ, ઈબ્ને અસાકર અને.........ના હવાલાથી ઉલ્લેખ છે કે આદ બિન અબ્દુલ્લાહ અલ સય્યદી કહે છે કે, "મેં જનાબ અમીર (મૌલાના અલી અ.સ.)ને મિમ્બર ઉપર ફરમાવતાં સાંભળ્યા છે કે, કુરેશમાંથી કોઈ માણસ એવો નથી (જેના હકમાં) જેના માટે એક કે બે આયતો ન ઊતરી હોય. એક શખ્સે પૂછ્યું, આપની શાનમાં કઈ આયત નાઝિલ થઈ છે ? તો જનાબ અમીર ગુસ્સે થઈને ફરમાવવા લાગ્યા, જો તું સઘળાની સામે ન પૂછત તો હું હરગીઝ તને ન બતાવતે, અફસોસ છે કે તેં સૂરહ હૂદમાં (આયત ૧૭) નથી વાંચી (તેમાં દર્શાવ્યા મુજબ) જનાબ રસૂલ સલ્લમ તો "અલા બૈય્યતીમ્મીર્રબ્બીહી" છે અને "યતલુહુ શાહીદુમીન" હું છું.

આ પવિત્ર આયતમાં એક ખાસ મૂંઝવણની વાત એ છે કે જ્યારે હઝરત રસૂલ (સ.અ.સ.)ની નબુવ્વતની કબૂલાત કુરાનથી પહેલે આવેલ સઘળાં આસમાની પુસ્તકોમાં કરવામાં આવી છે, તો પછી શું કારણ છે કે અહીં ખાસ કરીને તૌરાતનું જ નામ લેવામાં આવ્યું છે. એનો ખરો ઉકેલ એ જ છે કે (હક્તઆલા) ખુદાવંદતઆલાએ દરેક પયગમ્બરના માટે એક (વસી) વારસદાર અને વઝીર નિયુક્ત ફરમાવેલ છે અને હિકમતની જરૂરત પ્રમાણે હઝરત મૂસા (અ.સ.)ના કુરાનમાં વર્ણવેલા બનાવમાં આ ખુદાઇ સિદ્ધાંતનો સ્પષ્ટપણે ઉલ્લેખ થયેલ છે કે હઝરત મૂસા (અ.સ.)ને જ્યારે યમનની ખીણમાં પ્રથમવાર ખુદાની સાથે વાતચીત કરવાનું માન (સદ્‌ભાગ્ય) પ્રાપ્ત થયું અને ખુદાએ તેમને નબુવ્વત અર્પણ કરી, તો મૂસા (અ.સ.)એ તે વખતે જ ખુદાતઆલાથી વિનંતી અને અરજ કરીને પોતાના ભાઇ હારૂન (અ.સ.)ને પોતાનો વઝીર નિયુક્ત કરી લીધો; અને વઝીર શબ્દનો શબ્દકોષ મુજબનો અર્થ છે બોજો ઉપાડવામાં સાથ દેનાર; અને વઝીર શબ્દનો રૂઢિ મુજબનો અર્થ થાય છે તે શખ્સ કે જે કોઇ દીની કે દુન્યવી રાજ્ય (બાદશાહત)ના કારભાર અને દેશના એવા જ રાજદ્વારી કાર્યોમાં સહાયક અને મદદકર્તાની હેસિયતથી કામ કરતો હોય.

આ પ્રમાણે, તૌરાત અને મૂસા (અ.સ.)ની (સુન્નતમાં) પ્રણાલિકામાં, હઝરત રસૂલ (સ.અ.સ.)ની નબુવ્વતની સાક્ષી અને કબૂલાત એ છે કે હઝરત મૂસા (અ.સ.)એ ખુદાતઆલાની પરવાનગીથી પોતાની નબુવ્વતના

આરંભમાં જ હ. હારૂન (અ.સ.)ને પોતાના વઝીર અને વારસદાર નિયુક્ત કરી લીધા. એ જ પ્રમાણે આપ હઝરત યાને કે નબી મુહમ્મદ (સ.અ.સ.)એ પણ પોતાની નબુવ્વતના આરંભમાં જ મૌલાના અલી અલૈહિસ્સલામને પોતાના વઝીર અને વારસદાર નિયુક્ત કર્યા. જેની એક સ્પષ્ટ દલીલ એ છે કે, **"વ અન્ઝીર અશીરતક અલ અકરીબેન."** ૨૬:૨૧૪ – "અને તારા નિકટનાં સગાંવહાલાઓને ડરાવ"ની આ આયત નાઝિલ થઇ, તો આપ માનવંત નબી સાહેબ (સ.અ.સ.)એ અબ્દુલ મુત્તલિબના (વંશવાળા) કુટુંબવાળા સઘળા લોકોને એકઠા કર્યા; અને એક એક કરીને પૂછ્યું કે, તમારામાંથી કોણ શખ્સ મારો વઝીર અને વારસદાર થવા ઇચ્છે છે ? તો કોઇએ કંઇ પણ જવાબ નહી દીધો; અને છેવટમાં મૌલાના અલી (અ.સ.)ને પૂછ્યું, તો તેમણે ફરમાવ્યું કે, યા રસૂલુલ્લાહ (અ.સ.) ! જો કે હું વયમાં (ઉમરમાં) આ સર્વેથી નાનો છું, પરંતુ હું આપનો વઝીર અને વારસદાર બનીશ; અને દરેક પ્રકારે આપની મદદ કરીશ. રસૂલુલ્લાહ (અ.સ.)એ ફરમાવ્યું, "નિ:શંક (ચોક્કસ) અય અલી ! આપ જ મારાં સઘળાં કાર્યો કરશો." [૨૦]

આમ જ્યારે રસૂલુલ્લાહ (સ.અ.સ.) ઉપર હઝરત મૂસા (અ.સ.)ના બનાવના સંબંધમાં આ આયત નાઝિલ થઇ કે,

---

૨૦. ઘણા ઇસ્નાઅશરી અને ઇસમાઇલી વિદ્વાનોએ મજકૂર આયતની તફસીરમાં આવા જ પ્રકારની રિવાયત લખી છે. સૈયદ ઇમદાદ હુસેને પોતાના પુસ્તક કે જે કુરાનનો તર્જુમો છે (તફસીરૂલ મુત્તકીન)ના પાના નંબર ૪૫૦ ઉપર; 'તફસીર સાફી'ના પાના નંબર ૩૬૮થી, 'તફસીર કમી'ના હવાલાથી આનો ઉલ્લેખ કર્યો છે.

**"વજઅલ્લી વઝીરમ્મીન અહલી, હારૂન અખી અશદદ્દ બીહી અઝરીયી વ અશરીક્હુ ફી અમ્રીયી."** (૨૦:૨૯થી ૩૨). અર્થ : "અને (મારી મદદ માટે) મારા કુટુંબમાંથી એક(ને) મારો વઝીર (સહાયક) નીમી દે, મારા ભાઈ હારૂનને, તેના કારણે મારી પીઠ મજબૂત કરી નાખ, અને તેને મારાં કાર્યોમાં ભાગીદાર બનાવ."

ત્યારે રસૂલુલ્લાહ (સ.અ.સ.)એ ખુદા તઆલા પાસે અરજ કરી : **"વ અના અકૌલુ યા રબ્બી કમા કાલ મૂસા : રબ્બી અજઅલ્લી વઝીરીયમ્મીન અહલી અલીય્યીન અખી અશદદ્દ બીહી અઝરી વ અશ્રીક્હુ ફી અમ્રીહી."** અર્થ : "અય પરવરદિગાર ! હું પણ વિનંતી કરું છું, જે પ્રમાણે મૂસા (અ.સ.)એ વિનંતી કરી. અય પરવરદિગાર, મારા માટે મારા કુટુંબમાંથી એક વઝીર નીમી દે, એટલે કે અલી (અ.સ.)ને કે જે મારો ભાઈ છે, તેના મારફત મારી શક્તિ મજબૂત કરી દે અને તેમને મારા (આ મઝહબના પ્રચાર કરવાના) કામમાં ભાગીદાર કરી દે."

આ વર્ણનનો ખુલાસો એમ છે કે મૌલાના હારૂન (અ.સ.)ની વીઝારત તથા ઈમામત જ તૌરેતની ઈમામત છે, જેમકે અમો ઉલ્લેખ કરી ચૂક્યા છીએ કે ઈમામને પુસ્તક અને પુસ્તકને ઈમામ એ માટે જ કહે છે કે બન્નેની હકીકત – ખરી બાબત – એક જ છે. આમ મૌલાના હારૂન (અ.સ.)ની વીઝારત તથા ખિલાફતના વિષે કુરાનમાં જે કંઈ પણ ફરમાવેલું છે, તે મૌલાના અલી (અ.સ.)ના વિષે પણ છે, એ માટે

ખુદાના રસૂલ (સ.અ.સ.)નું ફરમાન છે કે, **"યા અલી અન્ત મીન્ની બમીન્ઝીલતી હારૂન મીન મૂસા ઈલ્લા ઈન્નહુ લા નબીય્યી બાઅદી."** અર્થ : "અય અલી ! તમારો મરતબો મારી સાથે એવો છે, જેવો હારૂનનો મરતબો મૂસાની સાથે હતો, પણ એક વાત છે કે મારા પછી નબુવ્વત નથી (કોઈ નબી થનાર નથી)." [૨૧]

## ૧૫. (ઝીકરવાળાઓ)
## અહેલે ઝીકર

બારમી દલીલ :-

**"વમા અરસલના મીન કબ્લીક ઈલ્લા રીજાલન્નુહી અલૈહીમ ફસઅલુ અહલલ ઝીકરી ઈન કુન્તુમ લા તઅલમુન."** (૧૬:૪૩) – અર્થ : "અને (અય રસૂલ) આપ કરતાં પહેલાં (આપથી અગાઉ) પણ ફક્ત માનવીઓ (મનુષ્યો)ને જ રસૂલ બનાવીને (પયગમ્બર બનાવીને) મોકલ્યા, કે જેમની તરફ અમો વહી નાઝિલ કરતા હતા, તો આપ (મક્કાના રહેવાસીઓને કહો કે) અગર તમો પોતે નથી જાણતા તો ઝીકર કરવાવાળાઓ (અર્થાત બરહક ઈમામો)ને પૂછો". (અહલલ ઝીકરી) એહલે

---

૨૧. મૌલવી ફરમાનઅલીએ પોતાના પુસ્તક 'તરજુમાએ કુરાન'ના પાના નંબર ૪૯૯ ઉપર આ રિવાયત લખી છે; અને કાઝી નોમાને 'દાઈમુલ ઈસ્લામ' પ્રથમ આવૃત્તિ (અરબી)ના પાના નંબર ૧૫ અને ૧૬ ઉપર.

ઝીકરનો હેતુ છે આપ નામદાર પયગમ્બર (સ.અ.સ.)ની અહેલેબૈત (ખાનદાનવાળા)[૨૨] કે જેમને ઇલ્મ અને હિકમતની વાતો પૂછવા માટે લોકોને ફરમાવવામાં આવ્યું છે, જે માટે ખુદાવંદ આલમીન ફરમાવે છે : **"કદ અન્ઝલ્લાહુલ યકુમ ઝીકરન રસૂલન યતલુ અલૈકુમ આયાતીલ્લાહ."** (૬૫:૧૦–૧૧).

અર્થ : "અલ્લાહે તમારા ઉપર ઉપદેશ ઉતાર્યો છે (યાને) એક રસૂલ છે, જે તમને અલ્લાહની આયતો સ્પષ્ટ પઢીને સંભળાવે છે."

બીજા પ્રકારે "અઝઝીકર"નો અર્થ કુરાન છે અને "એહલે ઝીકર" (યાને કુરાનવાળાઓ) આલે મુહમ્મદ (સ.અ.સ.) છે. ઉપર દર્શાવ્યા મુજબ કે 'ઝીકર કરવાવાળાઓને પૂછો'નું પરિણામ – તેનો અર્થ – એમ કાઢવામાં આવ્યો છે કે મજકૂર ફરમાન મુજબ લોકોને આલે મુહમ્મદ (સ.અ.સ.)થી પૂછવા અને ઇલ્મ–જ્ઞાન તથા હિકમત મેળવવાના માટે હુકમ

---

૨૧. 'તફસીરૂલ મુત્તકીન'ના પાના ૩૨૪ પર લખેલું છે. 'તફસીરિ સાફી'ના પાના ૨૭૭ ઉપર. 'કાફી વ તફસીર અયાશી' અને 'તફસીર કમી અઇમ્માએ માસૂમીન અલૈહિસ્સલામ'ના હવાલાથી ઘણી હદીસો આવેલી છે, જેમાં જણાવ્યું છે કે 'અઝઝીકર'નો હેતુ છે રસૂલુલ્લાહ સલ્અમ અને 'અહેલે ઝીકર'નો હેતુ છે આલે રસૂલ અને ઉમ્મતને એ વાતનો આદેશ આપવામાં આવ્યો છે કે જે કંઇ તેઓ ન જાણતા હોય તે ખુદાના રસૂલની આલ (અ.સ.) દ્વારા જાણી લ્યે. વળી 'દાઇમુલ ઇસ્લામ' ભાગ પહેલા (અરબી)ના પાના ૨૨ ઉપર પણ તપાસી જુઓ.

કરવામાં આવ્યો છે. પરંતુ આલે મુહમ્મદ (સ.અ.સ.) લોકોને પૂછવા માટે આધીન નથી.

હવે ઉપર ઉલ્લેખ કરવામાં આવેલ (સચ્ચાઈઓ) હકીકતોના પ્રકાશમાં એ માનવું કોઇ મુશ્કેલ કામ નથી કે નૂરે ઈમામત (ઈમામતનું નૂર) ચોક્કસપણે નબુવ્વત અને રિસાલત તથા તન્ઝીલ (કુરાનના નાઝીલ થવા)ના સત્યોથી ખૂબ સારી રીતે જાણકાર છે. આસમાની પુસ્તકોના જાહેર અને બાતીનને અસલ અને મૂળભૂત સ્થિતિમાંથી જાણે છે; અને દીન-ધર્મના જ્ઞાનના દરેક સવાલનો જવાબ દઈ શકે છે, કેમકે જો એમ ન હોત તો ખુદાંતઆલાએ ઉપર ઉલ્લેખાયેલ આયતના ભાવાર્થમાં લોકોને એમ ન ફરમાવ્યું હોત કે, "જો તમે અમારા પયગમ્બર (સ.અ.સ.)ની નબુવ્વત તથા રિસાલત અને વહીના નાઝિલ થવા વિષે શંકા કરો છો, તો તમો ઝીકરવાળાઓ એટલે કે વખતના ઈમામથી પૂછો કે ખુદાએ શા માટે કોઇ ફરિશ્તાને પોતાનો રસૂલ બનાવીને નહી મોકલ્યો ? અને જો માનવીને જ રસૂલ બનાવીને માનવીઓ તરફ મોકલ્યો છે, તો તે (માનવી)માં અન્યોના પ્રમાણમાં શું શું ગુણો (વધારે) હોઇ શકે છે ?"

આ અને આના જેવા પાયાના (મૂળભૂત) પ્રકારના સઘળા મુશ્કેલ સવાલો, જેના ઉકેલ લાવવામાં, તન્ઝીલ અને તાવીલ (કુરાન અથવા વહીનું નાઝિલ થવું તથા તેમના ગૂઢાર્થ)ના બીજા સઘળા બાકી રહેલા સવાલો પોતે જ (આપમેળે જ) ઉકેલાઇ શકે છે, તે ફક્ત ઝીકર કરનારા (સ્પષ્ટ

વાતો બતાવનારા) એટલે કે પવિત્ર ઈમામો દ્વારા જ ઉકેલાઇ શકે છે, માટે દીન-ધર્મના બુઝુર્ગોએ પોતપોતાના સમયના ઈમામોથી જાહેરી તથા બાતીની જે પણ પ્રકારની બાબતો પૂછવી હતી તે પૂછી લીધી (અને) એ જ કારણ છે કે તેઓ કુરાન વિષયક મુશ્કેલ (બાબતો) ઉપર કાબૂ ધરાવે છે અને એ જાણવું જોઇએ કે આ પ્રમાણે પૂછા માટેની એકમાત્ર શરત એ છે કે બરહક (સાચા) ઈમામની હકીકી તાબેદારી કરવી, નહી તો વગર તાબેદારી કર્યે પૂછવાથી કોઇ જ્ઞાન – ઈલ્મ પ્રાપ્ત નથી કરી શકાતું.

આ વિષયમાં ખુદાઇ સિદ્ધાંત અને નબી સાહેબની સુન્નતથી એક દ્રષ્ટાંત એ છે કે જ્યારે બિન મુસ્લિમમાંથી કોઇ આવીને હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ને કોઇ સવાલ પૂછતા હતા, તો તેનો જવાબ અથવા તો કોઇ આયાતના નાઝિલ થવા પર અપાતો (અર્થાત તે સવાલના જવાબમાં કોઇ આયત નાઝિલ થતી હતી) અથવા તો આપ નામદાર (સ.અ.સ.)ના વચનો (બોધવચનો) દ્વારા અપાતો, પણ તે જવાબ હિકમતના સિદ્ધાંત પર આધારિત રહેતો હતો કે જેથી તેનો જ્ઞાન સંબંધેનો ફાયદો ફક્ત હિકમતવાળાઓને જ પ્રાપ્ત થાય, તો એમ થયું કે અમુક ઈસાઈઓએ જ્યારે રૂહના પ્રકાર, તત્ત્વ તથા હકીકતના વિષે પૂછ્યું તો ખુદાએ ફરમાન ફરમાવ્યું કે,

**"વ યસ્અલુનક અનીર્રૂહી કુલીર્રૂહુ મીન આમીરર્રબ્બી વમા ઔતીતુમ્મીનલ ઈલ્મી ઈલ્લા કલીલા."** (૧૭:૮૫) – અર્થ : "(અય રસૂલ) તમારાથી રૂહના વિષે સવાલ કરે છે, કહી દયો

કે રૂહ મારા પરવરદિગારના હુકમથી છે; અને તમને થોડુંક જ્ઞાન આપવામાં આવ્યું છે."

હવે આ જવાબમાં સ્પષ્ટ રીતે – સાફ શબ્દોમાં – રૂહની હકીકતની કોઇ બાબત (કોઇ ઊંડી સમજણ) નજરે નથી આવતી; અને આમ જે લોકોએ રસૂલ (સ.અ.સ.)ની હકીકી ફરમાનબરદારી વગર આ સવાલ કર્યો હતો, તેમને એવા સવાલના જવાબથી કોઇ જ્ઞાન પ્રાપ્ત નહી થયું, તેથી ઊલટું જેઓ રસૂલ (સ.અ.સ.) અને ઇમામે બરહક (સ.અ.સ.)ના હકીકી – સાચા તાબેદાર છે તેમને માટે આ પવિત્ર આયત થકી રૂહના વિષે જ્ઞાન તથા તેની ઓળખાણમાં એક દરવાજો ઉઘડે છે, તે એ રીતે કે બકા અને ફના (બાકી રહેનાર અને નાશ પામનાર) અથવા તો સ્થિરતા અને અસ્થિરતા (અંત અને અનંતતા)ના મુજબ બે પ્રકારની દુનિયા (જગત) છે. એકને (આલમે અમ્ર) હુકમ (કરનાર)ની દુનિયા કહેવામાં આવે છે અને બીજાને (આલમે ખલ્ક) સર્જન (થનાર)ની દુનિયા.[૨૩] અને આ

---

૨૩. **"અલલહુલ ખલ્કુ વલ અમરૂ તબારકલ્લાહુ રબ્બુલ આલમીન."** ૭:૫૪ – અર્થ : "ખબરદાર રહો (જાણી લો) કે બનાવવું તથા આજ્ઞા આપવી (હુકમનું જગત તથા સર્જનનું જગત) એ તેનું જ કામ છે. બરકત વાળો છે તે અલ્લાહ કે જે સઘળી દુનિયાઓનો પાલનકર્તા છે."

(આલમે અમર) હુકમનું જગત = રૂહોનું જગત, ફરિશ્તાઓનું જગત, કે જે કોઇ પણ ભૌતિક વસ્તુ અથવા સમયના બંધન વગર ખુદાતઆલાના ફરમાનથી હસ્તીમાં આવ્યું.

(આલમે ખલ્ક) સર્જનનું જગત = આ જગત (જેમાં આપણે હસ્તી ધરાવીએ છીએ) કે જે ભૌતિક વસ્તુઓથી સર્જવામાં આવ્યું.

બન્ને જગત એકબીજાથી વિરુદ્ધ તથા ઉલટ છે, એટલે કે એક ઘણી જૂની દુનિયા છે અને બીજી નવી આરંભ થયેલી દુનિયા છે અથવા એમ કહો કે એક અમર્યાદિત છે અને બીજું મર્યાદિત, એક બોલનાર છે અને બીજું ખામોશ (મુંગુ) છે, એક ડહાપણવાળું છે અને બીજું મૂર્ખ, એક અધૂરું છે અને બીજું સંપૂર્ણ, એક નિર્જીવ છે અને બીજું સજીવ અને એક સમય અને જગ્યાની મર્યાદાથી બહાર છે અને બીજું સમય તથા જગ્યાના બંધનમાં.

આ રીતે, ખુદાવંદતઆલાનું આ ફરમાન "(અય રસૂલ (સ.અ.સ.) કહી દો કે રૂહ મારા પરવરદિગારના હુકમથી છે." એ સિદ્ધાંતની કેળવણી છે કે (એ સિદ્ધાંત શિખવે છે) કે રૂહ હુકમ (કરનાર)ના જગતથી છે અને સર્જન (થનાર)ના જગતથી નહિ, તેથી એકબીજા વિરુદ્ધના અંદાજા લગાડવાની કલ્પનાથી સર્જન થયેલ જગતની વસ્તુઓથી રૂહની હકીકત – રૂહની સચ્ચાઈનો અંદાજ લગાડી શકાય છે (જાણી શકાય છે). વળી આ ફરમાનમાં એ શિખવાનું પણ મળેલ છે કે પવિત્ર કુરાનમાં જ્યાં જ્યાં પણ 'અમ્ર' અર્થાત હુકમનો શબ્દ આવ્યો છે [૨૪] ત્યાંથી ઊંડાણપૂર્વક તપાસતાં રૂહની હકીકતો જાણી શકાય છે. આ વિગત પરથી એ સાબિત થયું કે પયગમ્બર સલ્અમ અને ઈમામે ઝમાન (અ.સ.)ને ઈલ્મ–જ્ઞાનની બાબતો પૂછવી

---

૨૪. કુરાને શરીફમાં એકબીજા વિરુદ્ધના અંદાજા લગાડવાના સિદ્ધાંત સિવાય 'અમ્ર', 'નૂર' અને 'નફસ'ના વિષયોમાં લગભગ ૫૧૯ વખત રૂહનું વર્ણન આવેલ છે, જે ઘણું કરીને તાવીલ (ગૂઢાર્થ)ના સ્વરૂપમાં છે.

એ દરઅસલ એમ છે કે તેઓની ફરમાંબરદારી કરવામાં આવે, કેમકે પયગમ્બર સલ્લમ અને ઈમામે ઝમાન (અ.સ.)નો એ ગુણ છે – તેમની એ ખૂબી છે – કે ફરમાંબરદારોને જ્ઞાન – ઈલ્મ દેવું.

જ્યારે એ સાબિત કરવામાં આવ્યું કે કુરાન અને નૂરે ઈમામત (ઈમામતનું નૂર) એકબીજાથી એ માટે જુદાં નથી કે ખુદા તરફથી હિદાયત માટેના સાધન તરીકેની આ અતિ પરિપૂર્ણ વસ્તુ (કે જે ખુદાઇ પુસ્તક અને તેના કુદરતી શિક્ષકના સ્વરૂપમાં મૌજૂદ છે) સામાન્ય અને ખાસમાંથી દરેક માનવીને તેના પ્રયત્નો અને તેના હક મુજબ ખુદાની જાહેરી અને બાતીની હિદાયત મળતી રહે અને પોતાની જાતની ઓળખ તથા મુક્તિ (નજાત)ની મંઝિલના રસ્તામાં કોઇ રૂકાવટ (અંતરાય) ન આવે, જેમકે ખુદાના આ ફરમાનથી એ સિદ્ધાંત સ્પષ્ટ છે કે, **"વ મા જઅલ અલૈકુમ ફીદ્દીની મીન હરજીન."** (૨૨:૭૮) – અર્થ : "અને ખુદાએ દીનનાં કામોમાં તમારા માટે કોઇ પણ પ્રકારના અંતરાય (રૂકાવટ) નથી કરી રાખ્યા."[૨૫] હવે વ્યાજબી એ છે

---

૨૫. આનો અર્થ છે કે દીની હિદાયતનાં સાધન જાહેરી અને બાતીની રીતે સંપૂર્ણ છે. જે માટે ખુદા ફરમાવે છે કે, **"અલ યૌમ અક્મલતુ લકુમ દીનકુમ વ અતમમ્તુ અલૈકુમ નેઅમતી વરઝઈતુલકુમ અલ ઈસ્લામ દીના."** (૫:૩) – અર્થ : "અમોએ આજના દિવસે તમારા માટે તમારો દીન સંપૂર્ણ કરી દીધો અને અમારી નેઅમતો તમારા ઉપર પૂરી કરી દીધી અને અમોએ તમારા માટે ઈસ્લામ દીન પસંદ કરી લીધો." જુઓ 'તફસીરૂલ મુત્તકીન' પાના નંબર ૧૨૭; 'અસાસુલ તાવીલ' પાના નંબર ૩૫૬, ૩૫૭; અને 'વજહે દીન' ભાગ પહેલો, પાના નંબર ૧૭૦.

કે મજકૂર હકીકતોના પ્રકાશમાં તાવીલ અર્થાત ગૂઢાર્થનો અમલ થઇ શકે એવો દાખલો વર્ણવવામાં આવે કે જેનાથી દરેક અક્કલવાળા – જ્ઞાની – ને પૂરી ખૂબીઓ સાથે એ વાતનો અંદાજો આવી શકે કે તન્ઝીલ અને તાવીલ (કુરાનના નાઝિલ થવા (તેના જાહેરી અર્થ) અને તે નાઝિલ થયેલ બાબતના મૂળ અર્થ)ના વચમાં કેટલો મોટો તફાવત જાણવાં મળે છે અને કેવી રીતે ઈમામતનું નૂર દરેક જમાનામાં હકીકી મોમીનોને તાવીલ અર્થાત મૂળ અર્થનો પ્રકાશ પહોંચાડતું રહે છે. એ બારામાં હકીમ સય્યદ પીર નાસીર ખુસરો પોતાના હિકમતસભર પુસ્તક 'વજહે દીન'માં નીચે મુજબની આયતની તાવીલ લખે છે.

**"વત્તીની વઝઝયતુની વતુરીસીનીન વ હાઝા અલ બલદ અલ અમીન."** અર્થ : "કસમ છે અંજીરની અને ઝૈતુનની અને સીનીનના પહાડની તથા આ શાંતિના (નિર્ભયતાવાળા) શહેરની."[૨૬] મજકૂર આયતની તન્ઝીલ અર્થાત

---

૨૬. 'વજહે દીન' ભાગ પહેલો (ઉર્દૂ), પાના નંબર ૧૦૩ થી ૧૦૫; 'અલ કશફ' નામી પુસ્તકના પાના નંબર ૨૪ ઉપર ઉલ્લેખ છે કે 'વત્તીન વઝઝયતુન'થી હેતુ હસનૈન અલૈહિમુસ્સલામ છે; અને એ વાત તાવીલના ભેદથી છેટી નથી કે હ. હસન (અ.સ.) અને હ. હુસેન (અ.સ.) થકી અક્લે કુલ્લ તથા નફસે કુલ્લની ગુમતા જાહેર થાય, કેમકે આપ બન્ને માનવંતો હઝરત મુહમ્મદ (સ.અ.સ.) તથા હઝરત અલી (અ.સ.)ના મૂળથી છે, જેમ અંજીર અને ઝૈતુન, પર્વત અને શહેરમાં પેદા થાય છે.

જાહેરી અર્થ વડે બુદ્ધિવાન લોકોને અજાયબી લાગી શકે છે, એ માટે જરૂરતના સમયે સિદ્ધાંતિક રીતે અથવા સામાન્યત્વે એવી વસ્તુની કસમ ખાવામાં આવે છે કે જે દીન મુજબ (ધાર્મિકપણે) માનનીય હોય, પણ ખુદાતઆલા પોતે આ પવિત્ર આયતમાં વનસ્પતિ અને પહાડ જેવી સામાન્ય અને નિર્જીવ વસ્તુઓની કસમ ખાય છે, જ્યારે કે આપણને એમ ફરમાવે છે કે તમો સૂર્ય – ચંદ્ર વગેરે જેવી કુદરતને જાહેર કરનારી વસ્તુઓની પૂજા કે આદર નહિ કરો, કેમકે તે વસ્તુઓ ખાલિક (પેદા કરનાર) નથી, પણ મખલૂક છે (સર્જન થયેલી છે); તો પછી આ ગૂંચવાડાનો ઉકેલ કે અહીં ઉલ્લેખાયેલી વસ્તુઓ (જેની તે કસમ ખાય છે) ખુદાને માટે ક્યા અર્થમાં આદરણીય – માન આપવા જેવી છે, તે ફક્ત તાવીલ થકી જ મેળવી શકાય છે. તો આ આયતની તાવીલ ઉપર જરા ઊંડાણથી તપાસ કરીએ.

## ૧૯. અંજીર

અંજીરથી ખુદાતઆલાનો હેતુ છે અકલે કુલ્લ કે જે કોઇ પણ સંબંધ કે કારણ વગર ખુદાનો એ બોલ એટલે કે હુકમ "કુન"થી મળેલો છે; અને અકલે કુલ્લને અંજીર એ માટે કહ્યો કે અંજીરનો બહાર તથા અંદરનો ભાગ પૂરેપૂરો ખાવા લાયક છે, માટે તેને ખાતી વખતે માણસની તબિયત તેની કોઇ પણ ચીજ પાછી નથી કરતી, બલ્કે તેને કબૂલ કરે છે અને પૂરા

અંજીરને પોતાની મનપસંદ ખાવાની વસ્તુ બનાવી લે છે, એ રીતે કે જે રીતે કોઇ પવિત્ર નફસ, અક્કલના વિષયમાં કોઇ શંકા નથી રાખતું.

## ૧૭. ઝૈતુન

ઝૈતુન (કે જે એક ફળ છે) નફસે કુલ્લનો નમૂનો છે અને તેને ઝૈતુન વડે એટલા માટે સરખાવવામાં આવેલ છે કે ઝૈતુનનો કંઇક ભાગ તો ખાવા લાયક છે, જેમકે તેનો ગર્ભ (અંદરનો નરમ ભાગ) અને તેલ; અને કંઇક ભાગ ફેંકી દેવાને લાયક છે જેમકે તેની ગોટલી, છીલ્ટા અને કચરો, જેનો અર્થ એ થયો કે એ પ્રત્યેક નફસ જે પવિત્ર હોય, અક્કલના ફરમાનની તાબેદારી કરે છે અને તે નફસ જ ઝૈતુનના તેલ અને ફળ જેવું છે જે ખાવા લાયક છે અને તે અક્કલના માટે પસંદગી પામેલ અને મનગમતું થઇ જાય છે, તેથી ઊલટું તે પ્રત્યેક નફસ જે અપવિત્ર અને હલકા પ્રકારનું હોય છે તે અક્કલના ફરમાનની તાબેદારી નથી કરતું અને જે વસ્તુથી અક્કલ તેને રોકવા ઇચ્છે છે તે કરતાં તે રોકાતું નથી. તે અક્કલના કાયદાઓ કબૂલ નથી કરતું અને પોતાની ઇચ્છાઓની પાછળ ચાલે છે. આવું નફસ ઝૈતુનની ગોટલીના છોતરા અને કચરા જેવું ધુત્કારેલું, ફેંકી દેવાયેલું અને અપમાનિત થયેલું છે. આજ કારણ છે કે જેનાથી અમુક નફસને સવાબ અને અમુકને અઝાબ (સજા) જરૂરી થઇ પડ્યાં.

# ૧૮. તૂરે સીનેન

સીનેનનો પહાડ જાણે કે નાતિક (એટલે કે હઝરત મુહમ્મદ સ.અ.સ. છે) કેમકે તેવણ માનવંત સાહેબે નફસે કુલના કાયદાઓને ગુપ્ત રીતે કબૂલ કર્યાં છે, એ રીતે કે જે રીતે પર્વત પોતાની અંદર ખનીજ પેદા કરવાના ક્રમમાં – તેના વિષયમાં – સૂર્ય અને તારાઓ – ગ્રહોની અસરોને ગુપ્ત રીતે કબૂલ કરે છે; અને આપ માનવંત (સ.અ.સ.)એ તે કાયદાઓને શરિયતના મારફત દુનિયાવાળાઓને પહોંચાડી દીધા અને અસાસ એટલે કે પોતાના વારસ (હ. અલી અ.સ.) નિયુક્ત કરી દીધા કે જેથી તેઓ સાહેબ શરિયતની તાવીલ લોકોને પહોંચાડતા રહે. આમ તૂરે સીનેન એક પર્વત – એક પહાડ છે, જેનો જાહેરી ભાગ એવો ખરાબ જેવો ખરબચડો અને કાળો છે કે હંમેશાના માટે સામે ઊભેલો નજરે આવવાથી જોનારાઓને તેનાથી કંટાળો આવે છે – ઓકરાઇ જાય છે – પરંતુ એ પર્વતની અંદર એવા ઉમદા, અણમોલ જવાહેરાતો અને ખનીજ છે કે જોનારને તેને જોવાથી ખુશી પ્રાપ્ત થાય છે, જેમકે યાકૂત, ઝમરૂદ, બેજાદા, સોનું, ચાંદી, પિત્તળ, તાંબુ અને બીજાં ઝવેરાતો.

બસ એજ રીતે નાતિકની શરિયતમાં બાહ્ય રીતે – જાહેરીમાં – શંકા અને તફાવત – મતભેદ જોવામાં આવે છે, જેથી કરીને વિદ્વાનો – અક્કલમંદોને તેને કબૂલ કરવામાં મુશ્કેલી

પડે છે, પણ જ્યારે તાવીલના મારફત તેઓ તેની હકીકતો - સચ્ચાઇઓ સુધી પહોંચી જાય છે અને તેના અર્થો સમજી લે, તો તે અક્કલમંદ વિદ્વાનનું નફસ તેને કબૂલ કરે છે અને સંતુષ્ઠ થઇ જાય છે.

## ૧૯. શાંતિનું શહેર

શાંતિના શહેરની ઉપમા છે અસાસ (અર્થાત મૌલાના અલી અ.સ.) કેમકે તેવણ નામદારના મારફત વિદ્વાનો - અક્કલમંદોને શંકા-કુશંકાઓથી છુટકારો મળ્યો છે; અને જે કોઇ તેમની તાવીલ સુધી નથી પહોંચી શક્યો તો તે શંકા-કુશંકા અને મતભેદના રસ્તા પર ચાલવા લાગ્યો; અને જે માનવી તેમની તાવીલ સુધી પહોંચી ગયો, તો તેણે જાહેરી મતભેદોથી છુટકારો મેળવ્યો.

ખુદાતઆલાએ અહીં ઉલ્લેખાયેલ જે ચાર વસ્તુના કસમ ખાધા છે, તેમાંથી બે વસ્તુ ઊગવાવાળી છે અને બે વસ્તુ જગા - સ્થળ - છે; અને સ્થળ કે જગા વગર ઊગવાવાળી વસ્તુઓનું ઊગવું અશક્ય છે, તો પછી તેનો એ અર્થ થયો કે અક્લે કુલ્લ ને નફસે કુલ્લ રૂહાની છે, જેમ વનસ્પતિની રૂહ હોય છે અને નાતિક તથા અસાસ (અલૈહિમુસ્સલામ) શારીરિક છે, પરંતુ આ બન્ને વનસ્પતિ (એટલે અંજીર અને ઝૈતુન) પર્વત અને શહેરમાં પેદા થાય છે, તેજ રીતે અક્લે કુલ્લ અને નફસે કુલ્લના ફાયદાઓ અને પ્રકાશ

નાતિક અને અસાસના મારફત જ જાહેર થાય છે.

મજકૂર રૂહાની તથા જીસ્માની પ્રકારના મેવાઓની લિજ્જત ફક્ત તેજ લોકો અનુભવી શકે છે, જે આ મેવાઓને ખાતા હોય.

**"વત્તીન વ ઝયતૂન"** [૨૭] બન્ને નામ એક એક શબ્દ છે **."વ તૂરે સીનિન હાઝલ બલદી અલ અમીન"** બન્ને બે બે શબ્દો છે; અને આ એમ એટલા માટે છે કે જેથી વિદ્વાનો – અક્કલમંદો આ ઈશારો સમજી શકે કે અક્લે કુલ્લ અને નફસે કુલ્લ કે જે રૂહાની છે, એક જ સ્થિતિ ઉપર રહેલાં છે અને નાતિક તથા અસાસ કે જે શરીર અને રૂહ બન્ને ધરાવે છે તેઓ બે સ્થિતિના માલિક છે.

## ૨૦. અંત ભાગ

હવે આ વિષયના આરંભથી લઈને છેવટ સુધી જે

---

૨૭. કુરાનની અમુક આયતોમાં ઝૈતૂનનો ઉલ્લેખ આવેલ છે તે છે ૬:૯૯, ૬:૧૪૧, ૧૬:૧૧, ૯૫:૧, ૮૦:૨૯, ૨૪:૩૫; એમાંથી ઉપર દર્શાવેલ ૯૫:૧ના પછી ૨૪:૩૫ વધુ જરૂરી છે, જેની ટૂંકી તાવીલ નીચે મુજબનાં પવિત્ર પુસ્તકોમાં મૌજૂદ છે.

'તફસીરૂલ મુત્તકીન' પાના નંબર ૪૨૪; 'તફસીરિ સાફી'ના હવાલાથી પાના નંબર ૩૫૧; મૌલવી ફરમાનઅલી મારફત અનુવાદિત કુરાન, પાના નંબર ૫૬૫, 'વજહે દીન' ભાગ પહેલો, પાના નંબર ૧૧૧ અને ૧૧૨.

સમજૂતીઓનો ઉલ્લેખ થયો, તેનાથી એ હકીક્તને સાબિતી - પુરાવો મળી ગયો છે કે કુરાન અને ઈમામત બંને એવી પવિત્ર વસ્તુ છે, જેના જ્ઞાન - ઈલ્મીપણાને - આ સ્થિતિને - એકબીજાથી અલગ સાબિત નથી કરી શકાતું; અને આ બન્નેની અનંત, આપસનો મેળ ખુદાતઆલાના તરફથી છે કે જેથી જે મોમીનોને નેક હિદાયત મળે તે હયાત અને હાઝર ઈમામના મુબારક અને પવિત્ર ફરમાનોના પ્રકાશમાં કુરાનનું જ્ઞાન અને હિકમત પ્રાપ્ત કરી લે અને ઈસ્માઈલી વડવાઓ અને મુરીદોએ બિલકુલ એમ જ કરી દેખાડ્યું છે, જેથી આજે આપણે જોઈએ છીએ કે તેઓ લોકોના જ્ઞાનની અસરમાં કુરાનની હિકમતો ભરપૂર દેખાય છે. આમ કોઈ પણ કૌમ અને મઝહબનું આથી વધીને બીજું ક્યું સદ્‌ભાગ્ય હોઈ શકે છે કે જેના સરદાર મુહમ્મદ અને અલી (અ.સ.)ના નૂર, ખુદાના કલામને હૂબહૂ રજૂ કરનાર અને સાચા - બરહક ઈમામ છે, **અલહમ્દુ લિલ્લાહી રબ્બીલ આલમીન.**

★